
# પ્રાચીન સ્તવનાવલી

## ૧૨

## શ્રી વાસુપૂજ્ય સ્વામી





# નમસ્કાર મહામંત્ર મહિમા

સમરો મંત્ર ભલો નવકાર,
એ છે ચૌદ પૂર્વનો સાર;
એના મહિમાનો નહિ પાર,
એનો અર્થ અનંત અપાર.૧
સુખમાં સમરો, દુઃખમાં સમરો,
સમરો દિન ને રાત;
જીવતા સમરો, મરતાં સમરો,
સમરો સૌ સંગાથ.૨
જોગી સમરે ભોગી સમરે,
સમરે રાજા રંક;
દેવો સમરે, દાનવ સમરે,
સમરે સૌ નિશંક.૩
અડસઠ અક્ષર એના જાણો,
અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો,
અડસિદ્ધિ દાતાર.૪
નવ પદ એના નવનિધિ આપે,
ભવોભવનાં દુઃખ કાપે;
"ચંદ્ર" વચનથી હૃદયે વ્યાપે,
પરમાતમ પદ આપે.૫

# પ્રાચીન સ્તવનાવલી

## ૧૨

## શ્રી વાસુપૂજ્યસ્વામી

: પ્રાપ્તિ સ્થાન :
શ્રી હસમુખભાઈ ચુડગર
૨૦૨-૨૦૩, ચીનુભાઈ સેન્ટર,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

પ્રત : ૧૦૦૦ મુલ્ય : શ્રદ્ધા ભક્તિ

# કિંચિદ્ કથન

પરમાત્મભક્તિ એ આત્માને પરમાત્મા સાથે એકાકાર થવાનું અમોઘ સાધન છે... માણસ એકલો એકલો બોલે તો કોઈક ગાંડો ગણે પણ જો એકલો એકલો ગાતો હોય તો મસ્તીમાં મસ્ત કહેવાય... શાસ્ત્રીય રાગ અને પ્રાચીનકૃતિઓ બે વસ્તુનો મેળાપ ભક્તને પરમાત્મભક્તિમાં રસતરબોળ કરી દે છે... "ભક્તિરસઝરણા" પુસ્તકમાંથી જુદા જુદા પૂર્વ પૂજયોના સ્તવનોનો સંગ્રહ શ્રી સંઘના સદુપયોગ અર્થે, પરમાત્મભક્તિ માટે પ્રકાશિત કરતાં અનેરો આનંદ અનુભવું છું આ નિમિત્તે પરમાત્મા મારા હૃદયમાં વસે અને પરભવમાં મને વહેલા મળે...

પં.નંદીભૂષણવિજયજી મ.

# અનુક્રમણિકા


| ચૈત્યવંદન | કર્તા | પાના નં. |
|---|---|---|
| પ્રાણત થકી પ્રભુ પાંગર્યા | શ્રી વીરવિજયજી | ૧ |
| પ્રાણતથી ઇહાં આવીયા | શ્રી જ્ઞાનવિમલજી | ૨ |
| વાસવ-વંદિત વાસુપૂજ્ય | શ્રી પદ્મવિજયજી | ૨ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| વાસુપૂજ્ય-જિન ત્રિભુવન-સ્વામી | શ્રી આનંદઘનજી | ૩ |
| સ્વામી ! તુમે કાંઈ કામણ કીધું | શ્રી યશોવિજયજી | ૪ |
| વાસુપૂજ્ય-જિન ! વાલહારે | શ્રી યશોવિજયજી | ૫ |
| શ્રી વાસુપૂજ્ય-નરેસરૂ | શ્રી યશોવિજયજી | ૫ |
| શ્રી વાસુપૂજ્યજી સાહિબ | શ્રી ભાણવિજયજી | ૬ |
| હાંરે સખી ! સાચ વિના કેમ પાઇએ | શ્રી આનંદવર્ધનજી | ૭ |
| વાસુપૂજ્ય ! વસુધા-તળે હો | શ્રી લક્ષ્મીવિમલજી | ૮ |
| વાસુપૂજ્ય ! તું સાહિબા સાચો | શ્રી માનવિજયજી | ૯ |
| શ્રી વાસુપૂજ્ય-નરિંદનોજી | શ્રી જ્ઞાનવિમલસૂરિ | ૯ |
| મન-મંદિર માંહિ વસો | શ્રી ભાવવિજયજી | ૧૦ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| શ્રી વાસુપૂજ્ય નરેસરૂ રે | શ્રી વિનયવિજયજી | ૧૧ |
| શ્રીવાસુપૂજ્ય બારમા જિનંદ | શ્રી હરખચંદજી | ૧૨ |
| શ્રી વાસુપૂજ્ય જિણંદજી | શ્રી નયવિજયજી | ૧૩ |
| વાલેસર ! વાસૂપૂજ્ય ! પૂજ્ય | શ્રી ઋષભસાગરજી | ૧૪ |
| જૂઓ જૂઓ રે જયા-નંદ જાતાં | શ્રી ઉદયરત્નજી | ૧૫ |
| અંતરજામી હો કે શિવગતિ | શ્રી જિનવિજયજી | ૧૫ |
| આવો આવો મુજ મનમંદિરે | શ્રી જિનવિજયજી | ૧૭ |
| શ્રી વાસુપૂજ્ય-જિણંદજી રે | શ્રી હંસરત્નજી | ૧૮ |
| પ્રભુજીશ્યું લાગી હો પૂરણ | શ્રી મોહનવિજયજી | ૧૯ |
| શ્રી વાસુપૂજ્ય-જિણંદજી રે | શ્રી રામવિજયજી | ૨૧ |
| શ્રી વાસુપૂજ્યનરિંદના | શ્રી રામવિજયજી | ૨૨ |
| મોહનજી હો ! ગુણ બહુલા | શ્રી કાંતિવિજયજી | ૨૩ |
| મનમંદિર નાથ વસાઓ ! | શ્રી ન્યાયસાગરજી | ૨૪ |
| શ્રી વાસુપૂજ્ય જિનરાજીયા | શ્રી ન્યાયસાગરજી | ૨૪ |
| વાસવવંદિત વંદીએ રે | શ્રી પદ્મવિજયજી | ૨૫ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| વાસવવંદિત વંદિએજી | શ્રી પદ્મવિજયજી | ૨૬ |
| શ્રી વાસુપૂજ્ય તનુ દેખીને | શ્રી વિજયલક્ષ્મીસૂરિ | ૨૭ |
| વાસુપૂજ્ય જિન વંદીયે રે લાલ | શ્રી કીર્તિવિમલજી | ૨૮ |
| વાસુપૂજ્ય સ્વામીજીને કરું | શ્રી દાનવિમલજી | ૨૮ |
| સુગુણ લા રે ! માહરા આતમરામ | શ્રી વિનીતવિજયજી | ૨૯ |
| એસો નહિ કોઈ ત્રિભુવનમેં | શ્રી અમૃતવિજયજી | ૩૦ |
| સખી ! વાસુપૂજ્ય પ્રભુ બારમા | શ્રી પ્રમોદસાગરજી | ૩૧ |
| વાસુપૂજ્ય નૃપકુળ મંડણો | શ્રી ભાણચંદ્રજી | ૩૧ |
| અને હાંરે મ્હારો પ્રભુ દિયે છે | શ્રી ખુશાલમુનિજી | ૩૨ |
| સુવિહિતકારીરે સાહિબા | શ્રી ચતુરવિજયજી | ૩૩ |
| પૂજના તો કીજે રે, બારમા જિન | શ્રી દેવચંદ્રજી | ૩૪ |
| જય જયાનંદન દેવની | શ્રી જીવણવિજયજી | ૩૫ |
| હાં જી ! વાસુપૂજ્ય-જિનરાજ | શ્રી દાનવિજયજી | ૩૫ |
| વાસુપૂજ્ય જિન વંદીએ, ભાવ | શ્રી મેઘવિજયજી | ૩૬ |
| વાસુપૂજ્ય-નૃપ-કુલ-ચંદલો | શ્રી કેસરવિમલજી | ૩૭ |
| વાસુપૂજ્ય-જિનરાજજી રે | શ્રી કનકવિજયજી | ૩૮ |
| આજ અમીએ મેહ વુઠોજી | શ્રી રૂચિરવિમલજી | ૪૦ |
| વાસુપૂજ્ય મુઝ તારીઇ | શ્રી ભાવપ્રભુસૂરિ | ૪૧ |
| વાસુપૂજ્ય-જિન વંદિઇં રે | શ્રી કીર્તિવિમલજી | ૪૨ |

| સ્તવન | કર્તા | પાના નં. |
| --- | --- | --- |
| વાસુપૂજ્ય-જિન અંતરજામી | શ્રી રતનવિજયજી | ૪૩ |
| વાસુપૂજ્ય જિન બારમા-પ્રભુ | શ્રી માણેકમુનિ | ૪૪ |
| વાસુપૂજ્ય ચિદાનંદકારી | શ્રી દીપવિજયજી | ૪૫ |
| વાસુપૂજ્ય પ્રાણત કલ્પ | શ્રી ધર્મકીર્તિગણિ | ૪૬ |
| જિણંદરાયા સુગુણ સુખાકર | શ્રી સ્વરૂપચંદજી | ૪૭ |
| વાસુપૂજ્ય ! જિન ! વાલહા ! | શ્રી જશવિજયજી | ૪૮ |
| પ્રભુજી ! તેરી પરતીત | શ્રી ગુણવિલાસજી | ૪૯ |
| વાસુપૂજ્ય જિનવરા જગતજન | શ્રી જગજીવનજી | ૫૦ |
| હો ! જિનવરજી ! અબ | શ્રી જિનહર્ષજી | ૫૦ |
| શ્રી વાસુપૂજ્ય-નરેશરુરે | શ્રી વિનયવિજયજી | ૫૧ |

| થોય | કર્તા | પાના નં. |
| --- | --- | --- |
| વિમલ ગુણ અગારં | શ્રી વીરવિજયજી | ૫૨ |
| વિશ્વના ઉપગારી; ધર્મના | શ્રી પદ્મવિજયજી | ૫૨ |

## ચૈત્યવંદન વિધિ

### (નીચે મુજબ પ્રથમ ઈરિયાવહિ કરવી)

### ● ઈચ્છામિ ખમાસમણ સૂત્ર ●

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ,
નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા દેવાધિદેવ પરમાત્માને તથા પંચમહાવ્રતધારી સાધુ ભગવંતોને વંદન થાય છે.

### ● ઈરિયાવહિયં સૂત્ર ●

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં, ઈચ્છામિ પડિક્કમિઉં ૧. ઈરિયાવહિયાએ, વિરાહણાએ ૨. ગમણાગમણે ૩. પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે, ઓસાઉત્તિંગપણગ દગ, મટ્ટી મક્કડા સંતાણા સંકમણે ૪. જે મે જીવા વિરાહિયા,, ૫. એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ૬. અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ૭.

**ભાવાર્થ :** આ સૂત્રથી હાલતા-ચાલતા જીવોની અજાણતા વિરાધના થઈ હોય કે પાપ લાગ્યા હોય તે દૂર થાય છે.

### ● તસ્સ ઉત્તરી સૂત્ર ●

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહિકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ઈરિયાવહિયં સૂત્રથી બાકી રહેલા પાપોની વિશેષ શુદ્ધિ થાય છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ૨. એવંમાઈએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ૩. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૫.

ભાવાર્થ: આ સૂત્રમાં કાઉસગ્ગના સોળ આગારનું વર્ણન તથા કેમ ઉભા રહેવું તે બતાવેલ છે.

(પછી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો)

## ● લોગસ્સ સૂત્ર ●

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલી ૧. ઉસભમજિઅંચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ; પઉમપ્પહં સુપાસં, જિણંચચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ ૩. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિ, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા; ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિય-વંદિય મહિયા, જેએ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિન્તુ. ૬. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.

ભાવાર્થ : આ સૂત્રમાં ચોવીસ તીર્થંકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.

(પછી ત્રણ ખમાસમણ દઈ, ડાબો
પગ જમીન ઉપર સ્થાપીને હાથ જોડી)
**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં
કહી સકલકુશલ કહી ચૈત્યવંદન કરવું.**

સકલ કુશલ વલ્લિ - પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનું : કલ્પવૃક્ષોપમાન :
ભવજલનિધિ પોત : સર્વ સંપત્તિ હેતું :,
સ ભવતુ સતતં વ:
શ્રેયસે શાન્તિનાથ : શ્રેયસે પાર્શ્વનાથ :

**(આ પછી પુસ્તકમાંથી ચૈત્યવંદન બોલવું)**

## ● જંકિંચિ સૂત્ર ●

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈ જિણબિંબાઈ, તાઈ સવ્વાઈ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં વિદ્યમાન નામ રૂપી તીર્થો અને જિન પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવેલ છે.

## ● નમુત્થુણં સૂત્ર ●

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧. આઈગરાણં તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, ૨. પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩. લોગુત્માણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪. અભયદયાણં, ચકખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ૫. ધમ્મદયાણં,

ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત-ચક્કવટ્ટીણં. ૬. અપ્પડિહયવરનાણ - દંસણધરાણં, વિયટ્ટ-છઉમાણં. ૭. જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં; બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલ મરૂઅ - મણંત મક્ખય મવ્વાબાહ - મપુણારાવિત્તિ - સિદ્ધિ ગઈ નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં. ૯. જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

**ભાવાર્થ :** આ સૂત્રમાં અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન છે. અને ઈન્દ્ર મહારાજા પ્રભુની સ્તુતિ કરતી વખતે આ સૂત્ર બોલે છે.

## ● જાવંતિ ચેઈઆઈ સૂત્ર ●

(ફક્ત પુરૂષોએ બે હાથ ઉંચા કરીને બોલુવું)

જાવંતિ ચેઈઆઈ. ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ; સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ.

**ભાવાર્થ :** આ સૂત્રદ્વારા ત્રણે લોકમાં રહેલી જિન પ્રતિમાજીઓને નમસ્કાર કરવામાં આવે છે.

ઈચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિજ્જાએ
નિસિહિઆએ મત્થએણ વંદામિ.

## ● જાવંત કેવિ સાહૂ સૂત્ર ●

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ; સવ્વેસિં તેસિં, પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં.

**ભાવાર્થ :** આ સૂત્રમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ત્રણેય ક્ષેત્રમાં વિચરતાં સર્વે સાધુ સાધ્વી ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે.

(નીચેનું સૂત્ર ફકત પુરૂષોએ બોલવું)

## ● નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય : ●

**ભાવાર્થ :** આ સૂત્રમાં પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

**(આ પછી આ પુસ્તકમાંથી સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું.)**

**(બે હાથ ઉંચા કરીને બોલવું / બહેનોએ હાથ ઉંચા કરવા નહીં)**

## ● જય વીયરાય સૂત્ર ●

જય વીયરાય ! જગગુરૂ ! હોઉ મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઈઠ્ઠફલસિદ્ધી.......૧
લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહગુરૂજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા......૨

(બે હાથ નીચે કરીને)

વારિજ્જઈ જઈવિ નિથાણ-બંધણં વીયરાય ! તુહ સમયે ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાંણ......૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં......૪
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્;

પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્......૫

**ભાવાર્થ :** આ સૂત્રમાં પ્રભુ પાસે ઉત્તમ પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે.

(પછી ઉભા થઈને)

## ● અરિહંતચેઈઆણં સૂત્ર ●

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧. વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ ! ૨ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં.૩

**ભાવાર્થ :** આ સૂત્રમાં જ્યાં ચૈત્યવંદન કરતા હોઈએ તે દેરાસરની તમામ પ્રતિમાઓને વંદન કરવામાં આવે છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. ૨ એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૪

(કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને)

**નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય :**

**(આ પછી પુસ્તકમાંથી થોય કહેવી)**

# શ્રી વાસુપૂજ્ય સ્વામી ના ચૈત્યવંદન

## શ્રી વીરવિજયજી કૃત ચૈત્યવંદન

પ્રાણત થકી પ્રભુ પાંગર્યા, [1]ચુંપે ચંપા ગામ,
શિવ મારગ જાતાં થકાં, ચંપક તરૂ વિશ્રામ.....॥૧॥
અશ્વયોનિ ગણ રાક્ષસ, શતભિષા કુંભ રાશિ;
પાડલ હેઠે કેવલી, મૌન પણે ઇગવાસિ[2].....॥૨॥
ષટ્શત સાથે શિવા થયા એ, વાસુપૂજ્ય જિનરાજ;
વીર કહે ધન્ય તે ઘડી, જબ નિરખ્યા, મહારાજ.....॥૩॥

૧. ચવ્યા ૨. એક વર્ષ છદ્મસ્થ.

## શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યવંદન

પ્રાણતથી ઇહાં આવીયા, જેઠ શુદિ નવમી;
જન્મ્યા ફાગણ ચૌદશે, અમાવાશે સંયમી....॥૧॥
મહા શુદિ બીજે કેવલી; ચૌદશ આષાઢી શુદિ;
શિવ પામ્યા કર્મ કષ્ટ, સવિ દૂરે કાઢી....॥૨॥
વાસુપૂજ્ય જિન બારમાએ, વિદ્રુમ રંગે[1] કાય;
શ્રી **નયવિમલ** કહે ઇશ્યું, જિન નમતાં સુખ થાય....॥૩॥

૧. પરવાળાના રંગે રકત.

## શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યવંદન

વાસવ-વંદિત વાસુપૂજ્ય, ચંપાપુરી ઠામ;
વાસુપૂજ્ય કુલ ચંદ્રમા, માતા જયા નામ......૧
મહિષ લંછન જિન બારમા, સિત્તેર ધનુષ પ્રમાણ;
કાયા આયુ વરસ વલી, બહોંતેર લાખ વખાણ......૨
સંઘ ચતુર્વિધ સ્થાપીને એ, જિન ઉત્તમ મહારાય;
તસ મુખ **પદ્મ** વચન સુણી, પરમાનંદી થાય......૩

# શ્રી વાસુપૂજ્ય સ્વામી ના સ્તવન

## કર્તા : શ્રી આનંદઘનજી મ.

(રાગ ગોડી-તું ગિયાગિરિ શિખરે સોહે-એ દેશી)

**વાસુપૂજ્ય-જિન** ત્રિભુવન-સ્વામી, ઘન-નામી[1] પરિણામીરે[2] ।
નિરાકાર-સાકાર સચેતન, કરમ કરમ-ફળ-કામીરે-વાસુ૦॥૧॥
નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ-ગ્રાહક સાકારો રે ।
દર્શન-જ્ઞાન દુ-ભેદ ચેતના, વસ્તુ ગ્રહણ-વ્યાપારો રે-વાસુ૦॥૨॥
કર્તા પરિણામી પરિણામો, કર્મ જે જીવે કરીયેં રે ।
એક અનેકરૂપ નય-વાદે,[3] નિયતે નય અનુસરીયેં રે-વાસુ૦॥૩॥
દુઃખ-સુખ રૂપ કરમ-ફળ જાણો, નિશ્ચય એક આનંદો રે ।
'ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન' કહે જિનચંદોરે-વાસુ૦॥૪॥
પરિણામી ચેતન-પરિણામો, જ્ઞાન કરમ-ફળ ભાવી રે ।
જ્ઞાન કરમ-ફળ ચેતન કહીયે લેજયો તેહ મનાવી રે-વાસુ૦॥૫॥
"આતમ-જ્ઞાની[4] શ્રમણ કહાવે" બીજા તો દ્રવ્યલિંગીરે ।
વસ્તુગતેં જે વસ્તુ પ્રકાશે, **આનંદઘન** મત-સંગીરે-વાસુ૦॥૬॥

---

૧. નિત્ય ૨. પર્યાયથી રૂપાંતર પામનાર ૩. નયવાદની અપેક્ષાએ નર=આત્માને નિયતે=ચોકસાઈથી અનુસરવો=સમજવો ૪. નયસાપેક્ષ રીતે આત્માના સ્વરૂપને સ્વીકારનાર

## કર્તા ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (મોતીડાની—એ દેશી)

સ્વામી ! તુમે કાંઈ કામણ કીધું, ચિતડું અમારું ચોરી લીધું
સાહિબા ! **વાસુપૂજ્ય** જિણંદા, મોહના ! **વાસુપૂજ્ય** જિણંદા,
અમે પણ તુમશું કામણ કરશું, ભગતેં ગ્રહી મન-ઘરમાં ધરશું —સાહિબા૦(૧)

મન-ઘરમાં ધરીયા ઘર-શોભા, દેખત નિત રહેશે ! થિર થોભા
મને વૈકુંઠ અ[૧]-કુંઠિત-ભગતે, યોગી ભાખે અનુભવ-યુગતે —સાહિબા૦(૨)

કલેશ[૨] વાસિત મન સંસાર, કલેશ રહિત મન તે ભવપાર
જો વિશુદ્ધ-મન ઘર તુમે આયા, પ્રભુ તો અમે નવનિધિ રિદ્ધિ પાયા-સાહિબા૦(૩)
સાત રાજ અલગા જઈ બેઠા, પણ ભગતે અમ મનમાં પેઠા
અલગાને વલગ્યા જે રહેવું, તે ભાણા[૩] ખડખડ દુઃખ સહેવું-સાહિબા૦(૪)

ધ્યાયક ધ્યેય ધ્યાનગુણ એકે, ભેદ[૪]-છેદ કરશું હવે ટેકે[૫]
ખીરનીર પરે તુમશું મિલશું, વાચક યશ કહે હેજે હલશું-સાહિબા૦(૫)

---

૧. નિર્દોષ-સંપૂર્ણ ભક્તિના બળે ૨. આર્તધ્યાનાદિથી દૂષિત બની ૩. ભાણે બેઠા પછી પીરસવાનું આવે નહીં કેમોડું આવે તેથી થાળી-વાડકો ખખડાવ્યા કરવો પડે ૪. પરમાત્મા અને આત્માનો ભેદ તથા આત્મ-કાર્યનો છેદ ૫, ખંતપૂર્વક પ્રયત્નોથી.

## કર્તા ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (વિષય ન ગંજીયે-એ દેશી)

વાસુપૂજ્ય-જિન ! વાલહારે,[1] સંભારો નિજ દાસ
સાહિબશ્યું હઠ નવિ હોયેરે, પણ કીજે અરદાસો રે[2]-ચતુર ! વિચારી રે(૧)

સાસ[3] પહિલા સાંભરે રે, મુખ દીઠે સુખ હોય
વિસાર્યા નવિ વિસરે રે, તેહશ્યું હઠ કિમ હોય રે ? ચતુર૦(૨)

આમણ-દુમણ[4] નવિ ટળેરે, ખણ[5] વિણ પૂરીરે આશ[6];
સેવક જશ કહે દીજીયેરે, નિજ પદ-કમળનો વાસરે. ચતુર૦(૩)

---

૧. સ્વામી ૨. વિનતિ ૩. શ્વાસ ૪. માનસિક કચવાટ ૫. એક ક્ષણ પણ ૬. પૂરણ નહી થયેલ

## કર્તા ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (રૂષભનો વંશ રયણાયરૂ-એ દેશી)

શ્રી વાસુપૂજ્ય-નરેસરૂ, તાત જયા જસ માતારે,
લંછન મહિષ[1] સોહામણો, વરણે પ્રભુ અતિ રાતા રે,
ગાઈયેં જિન ગુણ ગહગહી[2] ૦.......(૧)

શ્રી વાસુપૂજ્ય જિણેસરૂ, ચંપાપુરી અવતાર રે,
વરષ બોંતેર લખ આઉખું, સત્તરિ[3] ધનુ તનુ સાર રે ગાઈયેં ૦.......(૨)

ખટ શત સાથે સંયમ લિયેં, ચંપાપુરી શિવગામી રે,
સહસ બહોત્તેર પ્રભુ તણા, નમિયેં મુનિ શિરનામી રે, ગાઈયેં૦......(૩)

તપ-જપ-સંયમ-ગુણ-ભરી, સાહુણી લાખ વખાણી રે,
યક્ષ કુમાર સેવા કરે, ચંડા દેવી મેં જાણી રે. ગાઈ યેં ૦.......(૪)

જન-મન[૪]-કામિત-સુરમણિ, ભવ-દેવ[૫]-મેહ-સમાન રે,
કવિ **જશવિજય** કહે સદા, હૃદય-કમળ ધરો ધ્યાન રે, ગાઈયેં૦.......(૫)

---

૧. પાડો ૨. ઉમંગથી ૩. સીત્તેર ૪. લોકોના મનોરથ પુરવા ચિંતામણિ જેવા ૫ સંચારરૂપ દાવાનળ માટે મેઘ જેવા

## કર્તા શ્રી ભાણવિજયજી મ.

### (મોતીડાની - દેશી)

**શ્રી વાસુપૂજયજી** સાહિબ માહરા,
પ્રભુ લાગો છો તુમ્હે પ્રેમ પીયારા;
સાહિબા ! જિનરાયા હમારા, મોહના ! જિનરાયા ૦
તમ-મન ચિત્ત વલુંધ્યું[૧] તુમ્હ શું,
હવે અંતર[૨] રાખો, કહો કિમ અમશું-સાહિબા૦(૧)
દાસની આશા પૂરીયે પ્યારા, જો નામ ધરાવો છો જગદાધારા—સાહિબા૦
અકળ[૩]-લીલા તુમ પાસે જે સ્વામી,
હિત આણી દીજિયે અંતરજામી—સાહિબા૦(૨)
એતલી વિમાસણ શી છે તુજને ?,
એ તો વંછિત દેતાં સ્વામી મુજને,—સાહિબા૦

ખોટ ખજાને નહિ પડે તાહરે,
પણ અખય ખજાનો હોશે માહરે–સાહિબા૦(૩)
ભલો-ભુંડો પણ પોતાનો જાણી, વળી કરૂણાની લહેર તે
મનમાં આણી-સાહિબા ૦
અમને મનોગત[૪]-વંછિત દેજ્યો, પ્રભુ હેત ધરીને
સાહમું જોજ્યો,– સાહિબા૦(૪)
વારંવાર કહું શું તમને સેવા-ફળ દેજ્યો સ્વામી અમને –સાહિબા૦
પ્રેમવિબુધના ભાણની પ્રભુજી, તુમ નામે દોલત[૫]
ચઢતી વિભુજી–સાહિબા૦(૫)

---

૧. પરાણે વળગ્યું ૨. ભેદભાવ ૩. ન સમજાય તેવી શક્તિઓ ૪. મન ઇચ્છિત ૫. સમૃદ્ધિ

## કર્તા શ્રી આનંદવર્ધનજી મ.

(ઢાળ-વીંછીયાની)

હાંરે સખી ! સાચ વિના કેમ પાઇએ, સાચી સાહિબ શું પ્રીતિ રે,
સખી ! ઝૂંઠેકું સાચા કિઉં મિલે, ઝૂંઠેકી કયા પરતીતિ રે.–સખી૦(૧)
હાંરે સખી ! સાચેમેં સાહિબ મિલે, ઝૂંઠેકો નાંહી કોય રે;
સખી ! ચામકે[૧] દામ ચલાઈયે, જો ભીતરી[૨] સાચા હોય રે.–સખી૦(૨)
હાંરે સખી ! મુખ મીઠે કિસ કામકે ? ભીતરિકે સાચે સાચ રે;
સાચે રંગ ન પાલટે, સાહિબકું પ્યારે સાચ રે–સ૦(૩)

સાચે દિલશું સેવીયે, **શ્રી વાસુપૂજ્ય** જિન રાયરે
મેરે અંતરયામી જિનકે, **આનંદવર્ધન** ગુણ ગાય રે-સ૦(૪)

---

૧. ચામડાનાં નાણાં ૨. અંદરની ચીજ=છાપ

## કર્તા શ્રી લક્ષ્મીવિમલજી મ.

વાસુપૂજ્ય ! વસુધા-તળે હો રાજ,
ભલું[૧] બોધિબીજ વાવંત, સોભાગી રૂડા-સાહિબા૦
વાણી અમીયરસ સિંચતા હો રાજ, જીવદયાંકૂર કંત-સોભાગી૦(૧)
દાન શિયળ તપ ભાવના-હો રાજ; તે તો નવ-પલ્લવ ખાસ-સોભાગી૦
વ્રત-વૈરાગ્ય તે ફૂલડાં-હો રાજ, અનુભવ સુગંધ સુવાસ-સોભાગી૦(૨)
ક્ષાંતિ[૨] મદ્દવ[૩] અજ્જવ[૪] મુત્તિ[૫]-હો રાજ, તપ-સંયમસું સાર-સોભાગી૦
બોધ-સત્ય-શૌચપણું-હો રાજ, દશ શાખા વિસ્તાર-સોભાગી૦(૩)
આગમ શીતળ, છાંહડી-હો રાજ, મોક્ષ-ફળ નિ-યાય[૬]-સોભાગી૦
વિષય-વન્હિ આકરો-હો રાજ, ટાળે તેહનો તાપ-સોભાગી૦(૪)
જૈનવૃક્ષ સફળો ફળ્યો- હો રાજ, ચાહો ચેતનરાય-સોભાગી૦
જયા-સુત[૭] ઓળગ કરો-હો રાજ, જિમ તુજ પ્રસન્ન થાય-સોભાગી૦(૫)
ગયા કો ઠબકો લહી હો-રાજ, નાઠાં સઘળાં દુઃખ-સોભાગી૦
**કીર્ત્તિવિમલ** પ્રભુની કૃપા હો રાજ, **લક્ષ્મી** લહે બહુ સુખ-સોભાગી૦(૬)

---

૧. પ્રભુ શાસનની પ્રાપ્તિરૂપ બીજ ૨. ક્ષમા ૩. નમ્રતા ૪. સરળતા ૫. નિર્લોભતા ૬. ઉપજાવી તે
૭. જયા રાણીના પુત્ર

## કર્તા ઉપા. શ્રી માનવિજયજી મ.

(સીતા તો રૂપે રૂડી-એ દેશી.)

**વાસુપૂજ્ય !** તું સાહિબ સાચો, જેહવો હુયે હીરો[1] જાચો હો-સુંદર શોભાગી
જસ હોયે વિરોધી-વાચો, તેહની કરે સેવા કાચો હો—સુંદર૦....(૧)

અછતિઓ[2] વાત ઉપાવે, વળી ભાવ[3] છતાને[4] છિપાવે હો—સુંદર૦
કાંઈનું કાંઈ બોલે પરની નિંદા કરી ડોલે હો—સુંદર૦....(૨)

ઈમ ચઉવિહ મિથ્યા ભાખી, તે દેવની કુણ ભરે સાખી હો-સુંદર૦
પ્રાણીના મર્મના ઘાતી, હઈયામાં મોટી કાતી[5] હો-સુંદર૦...(૩)

ગુણ વિણ રહ્યા ઉંચે ઠાણે, કિમ દેવ ઠહરાય પ્રમાણે હો-સુંદર૦
પ્રાસાદ-શિખર રહ્યો કાગ, કિમ પામે ગરૂડ જસ[6] લાગ[7] હો-સુંદર૦
કહે **માનવિજય** ઉવઝાય, તું સાચો દેવ ઠરાય હો—સુંદર૦...(૫)

---

૧. સુંદર ૨. ન હોય તેવી ૩. પદાર્થ ૪. હોય તે ૫. કાતર, છરી ૬. જેવી ૭. શોભા ૮. શ્રેષ્ઠ

## કર્તા પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરિ મ.

(ગિરૂઆ ગુણ વીરજીએ - એ દેશી.)

**શ્રી વાસુપૂજ્ય**-નરિંદનોજી, નંદન ગુણ[1]મણિધામ
**વાસુપૂજ્ય**-જિન રાજીયોજી, અતિશય[2]-રત્ન-નિધાન
પ્રભુ ! ચિત્ત ધરીને અવધારો[3] મુજ વાત૦....(૧)

દોષ સયલ સુજ સાંસહોજી[૪], સ્વામી ! કરી સુપસાય
તુમ ચરણે હું આવીઓજી, મહિર[૫] કરો મહારાય—પ્રભુ૦(૨)
કુમતિ કુસંગતિ સંગ્રહીજી, અ-વિધિ અ-સદાચાર
તે મુજને આવી મિલ્યાજી, અનંત અનંતીવાર—પ્રભુ૦(૩)
જબે મેં તુમને નિરખીયાજી, તવ તે નાઠા દૂર
પુણ્યે પ્રગટે શુભ-દશાજી, આયો તુમ હજૂર—પ્રભુ૦(૪)
**જ્ઞાનવિમલ** પ્રભુ ! જાણનેજી[૬], શું કહેવું બહુવાર
દાસ-આશ પૂરણ કરોજી, આપો સમકિત સાર—પ્રભુ૦(૫)

---

૧. ગુણરૂપ મણિના ઘર ૨. અતિશય રૂપ રત્નોના ખજાના રૂપ ૩. ધ્યાનમાં સંગ ૪. ખમો = માફ કરો ૫. દયા ૬. સમજુને

## કર્તા પૂ. શ્રી ભાવવિજયજી મ.

### (રાગ કેદારો-વઈરાગી લાલ લાલ હો-એ દેશી)

મન-મંદિર માંહિ વસો, **શ્રી વાસુપૂજ્યજિન** સૂર[૧]
દૂરે જાયે તિહાં થકી, જિન મોહ-તિમિરનું[૨] પૂર-મન ૦
મનોહર લાલ લાલ હો, જેહનું જગ અધિકું- [૩]નૂર-મનો ૦
જેણે મોહ કરયો ચકચૂર મન૦......(૧)
વંશ-ઈક્ષાગ શિરોમણિ, **વાસુપૂજ્ય** નરેસર ધન્ન
ધન-ધન તસ રાણી **જયા**, જસ ઉદરે પ્રભુ ઉત્પન્ન-મન ૦
ચંપાનયરીએ અવતર્યો, વર-વિદ્રુમ[૪] સુંદર અંગ

લંછન મહિષ મનોહરુ, પ્રભુ સિત્તરિ[5] ધનુષ ઉત્તંગ-મન ૦
લાખ બહોત્તર વરષનું જસ જીવિત જસભંડાર[6]
ચંડા શાસનદેવતા, જસ સેવે યક્ષ કુમાર—મન ૦.....(૪)
સેવક-જનને દાખતો, ભવ-સાયર[7] કેરો પાર
ભાવ કહે જિન બારમો, દેખાડે શિવપુર બાર-મન ૦

---

૧. સૂર્ય ૨. અંધકાર ૩. તેજ ૪. પરવાળા ૫. સીત્તેર ૬. યશનો ભંડાર ૭. સંસાર સમુદ્રનો

## કર્તા પૂ. શ્રી વિનયવિજયજી મ.

### (પરવ પજુસણ આવીયા રે-એ દેશી.)

**શ્રી વાસુપૂજય** નરેસરૂ રે, નંદ[1] જયા જસ માય
**શ્રી વાસુપૂજયને** પૂજતાં રે, મંદિર રિદ્ધિ ભરાય
ભવિક-જન ! પૂજો એ જિનરાય,
જિમ ભવ-જલધિ તરાય-ભવિક ૦ મુગતિનો એહ ઉપાય ભવિક૦(૧)
સોહે સોવન-સિંહાસનેરે, કુકુંમ[2]-વરણી કાય
જિન કંચનગિરિ ઉપરે રે, નૂતન[3] -ભાણ સુહાય - ભવિક૦(૨)
લંછન મિસિ[4] વિનતિ કરે રે, મહિષીસુત[5] જસ પાય
લોકે હું સંતાપીઓ રે છુટું તુમ્હ પસાય-ભવિક૦(૩)
મન[6] રંજે એ રાતડો રે, એ તો જુગતો[7] ન્યાય
પણ જે ઉજ્જવલ મન કરે રે, તે તો અચરિજ થાય - ભવિક૦(૪)

બાર[૮] ઉઘાડેં મુગતિનાં રે, બારસમો જિનરાય
**કીર્તિવિજય** ઉવઝાયનો રે, **વિનયવિજય** ગુણ ગાય-ભવિક૦(૫)

૧. પુત્ર ૨. લાલ ૩. ઉગતો સૂર્ય ૪. બહાનાથી ૫. પાડો ૬. લાલવર્ણવાળા પ્રભુ મન રંગે છે ૭ ઉચિત ૮. બારણાં

## કર્તા શ્રી હરખચંદજી મ.

(રાગ-હિંડોલ)

**શ્રીવાસુપૂજ્ય** બારમા જિનંદ, શિવ સુખકે દાયક આનંદ કંદ
જાકી જનમ નગરી **ચંપા** વિખ્યાત, ઈક્ષ્વાગ વંસ **વાસુપૂજ્ય** તાત
રાનીશ્રી **જયાદેવી** પ્રસિદ્ધ માત, પદ મહિષ લંછન વિદ્રુમગાત-શ્રી૦(૧)

દશ-સાઠ ધનુષ કાયા માન, બહુતર[૨] લાખ વરસાયુ માન
સુર-નર માન જસુ આન, કામિતપૂરન[૩] કરૂનાનિધાન—શ્રી૦

જગજીવન જગનાયક જિનંદ, મિથ્યામતિ[૪] તિમિર હરન દિનંદ
પ્રભુ ! દૂર કરો દુખ દુરિતદંદ, નિત ચરન નમત મુનિ **હરખચંદ**—શ્રી૦(૩)

૧. પ્રવાલ જેવા લાલવર્ણના શરીરવાળા ૨. બોંતેર ૩. ઈચ્છિતને પૂર્ણકરનાર ૪. મિથ્યામતિરૂપ અંધારાને દૂર કરવા સૂર્યસમા

## કર્તા શ્રી નયવિજયજી મ.

(સાહેલડીની - એ દેશી)

શ્રી વાસુપૂજ્ય જિણંદજી-સ-સનેહાજી,
તુમ્હ શું અ-વિહડ નેહ-ગુણગેહાજી,
ચોળ-મજીઠતણી પરે-સ૦ જિમ ચાતકને મેહ-ગુણ ૦
પ્રભુ ગુણરંગે રંજીયા-સ ૦, મુજ મન વચન ને કાય-ગુણ ૦
જગત સકળ તસ મહિમાયે-સ ૦, તનમયતાયે લખાય-ગુણ ૦
અ-વિહડ રંગ જે પ્રભુતણો-સ૦, બેઠો અમ મન આય-ગુણ ૦
કીરમજી રંગતણી પરે-સ૦, જૂનો કિમહિ ન થાય-ગુણ ૦
પ્રભુ ગુણરંગ સુરંગ શું-સ૦, રંગ્યું જે અમ મન્ન-ગુણ ૦
તે રંગ કિમહિ ન ઊતરે-સ ૦, કોડિ કરે પ્રયત્ન-ગુણ ૦
રંગસુરંગ એ પ્રભુ તણો - સ ૦, અમ મનઅતિહિસુહાય-ગુણ ૦
હરખ શું નિતુ નિરખતાં-સ ૦, આનંદ અંગ ન માય-ગુણ ૦
ભવભવ અમ્હ એ હોય જો-સ૦,
પ્રભુ ! તુમ ગુણ શું રંગ - ગુણ૦
વંછિત દાયક દાય છે-સ૦, અમ્હ એ રંગ અ-ભંગ-ગુણ ૦
મહિર કરી મહારાજજી-સ૦ જાણી સેવક ચંગ-ગુણ ૦
**નયવિજય** કહે આપજો-સ૦, પ્રભુગુણ-રંગ અ-ભંગ-ગુણ ૦

## કર્તા શ્રી ઋષભસાગરજી મ.

વાલેસર ! વાસુપૂજ્ય ! પૂજ્યશ્રી વાસુપૂજ્યરા,
મહરબાંન મહારાજ, અધિક અછો સહુ ઉપરી ૦.....(૧)

જગત પ્રીતિ એહ રીતિ, ધરતાં સું સહુ કો ધરઇં,
પિણ તોસું[1] પરમેસ ! પ્યાર કહો કિણ પરઈ ? ૦.....(૨)

તું તો નિપટ[2] નિરાગ, રાગી ચિંત કિણવિધિ રંજઇં,
એકણ[3] કર કિરતાર ! તાલ[4] કહો કિણ વિધિ બજઇં ૦.....(૩)

નાયક ! તુમચો નામ, સેવક તો અહનિસિ જપઇં,
નહી અસવાર નૈ યાદ, ઘોડો તો ધાવી[5] ધપૈ ૦.....(૪)

સેવક તો અહિનિસિ જપૈ, સેવક તો જોયો સહી,
મોર કરૈં, બહુ સોર[6] મેહારઈ તો મન નહી૦.....(૫)

માલતીનઇં નહી મનિ, ભાણ કૈ રણકઇ ઝણકૈ ભમરલો,
તરફી[8] તરફી મરઈ મીન, નીર ન વેવૈ નિરમલો ૦.....(૬)

ગજ ચિત્ત નિત રેવા[9] રે, વાનૈ હેવા નહીં
**ઋષભસાગર** તુમ પાય, છોડિ અવસર સેવા નહી ૦.....(૭)

---

૧. તમારી સાથે ૨. સર્વથા ૩. એક હાથે ૪. તાલી ૫. દોડીને ૬. અવાજ ૭. ધ્યાન
૮. તડફી-તડફીને ૯. નર્મદા

## કર્તા શ્રી ઉદયરત્નજી મ.

જૂઓ જૂઓ રે **જયા-નંદ** જોતાં હર્ષ થયો રે
સુરગુરૂ પણ પાર ન પામે, ન જાય કહ્યા રે-જૂઓ૦(૧)
ભવ-અટવીમાં ભમતાં બહુ કાળ ગયો રે,
કોઈ પુણ્ય-કલોલથી અવસર મેં, આજ લહયો રે -જૂઓ૦(૨)
**શ્રી વાસુપૂજયને** વાંદતા, સઘળાં દુઃખ દહયા રે,
**ઉદયરત્ન** પ્રભુ અંગી કરીને બાંહિ ગ્રહ્યો રે-જૂઓ૦(૩)

## કર્તા શ્રી જિનવિજયજી મ.

**(કેસર વરણો હોકે કાઠી કસુંબો મારાલાલ - એ દેશી)**

અંતરજામી હો કે શિવગતિ ગામી-મ્હારા લાલ
મુજ મન મંદિર હો કે, થયો વિસરામી—મ્હારા લાલ
સુ-દિશા જાગી હો કે ભાવઠ[૨] ભાગી—મ્હારા લાલ
પ્રભુ-ગુણ-રાગી હો કે હુઓ વડભાગી-મ્હારા લાલ....(૧)
મિથ્યા સંકટ હો કે દૂર નિવારી-મ્હારા લાલ
સમક્તિ-ભૂમિ હો કે સુ[૩]-પરે સમારી-મ્હારા લાલ
કરુણા શુચિ[૪]-જળ હો કે તિહાં છંટકાવી—મ્હારા લાલ
શમ-દમ કુસુમની હો કે શોભા બનાવી – મ્હારા લાલ....(૨)

મહકે શુભ[૫]-રુચિ હો કે પરિમલ[૬] પૂરી – મ્હારા લાલ
જ્ઞાન સુદીપક હો કે જ્યોતિ સ-નૂરી -મ્હારા લાલ
ધૂપઘટી તિહાં હો કે ભાવના કેરી, મ્હારા લાલ
સુમતિ ગુપતીની હો કે રચના ભલેરી–મ્હારા લાલ૦.....(૩)
સંવર બિછાણા[૮] હો કે તપ-જપ તકિયા–મ્હારા લાલ
ધ્યાન સુખાસન હો કે તિહાં પ્રભુ વસિયા–મ્હારા લાલ
સુમતિ સહેલી હો કે સમતા સંગે–મ્હારા લાલ
સાહિબ મિલિયા હો કે અનુભવ રંગે -મ્હારા લાલ૦.....(૪)
ધ્યાતા ધ્યેયે હો કે પ્રીત બંધાણી–મ્હારા લાલ
બારમા જિનશ્યું હો કે મનુ[૯]સંગે આણી–મ્હારા લાલ
**ક્ષમાવિજય** બુધ હો કે મુનિ જિન ભાષે મ્હારા લાલ
એહ અવલંબને હો કે સવિ સુખ પાસે–મ્હારા લાલ.....(૫)

---

૧. સારી દિશા ૨. ભવની ભ્રમણા ૩. સારી રીતે ૪. પવિત્ર જળ ૫. સારી કાંતિવાળા
૬. સુગંધ સમૂહ ૭. સંપૂર્ણ ૮. પાથરણા ૯. વૃત્તિઓ

## કર્તા શ્રી જિનવિજયજી મ.

(શ્રી રૂષભાનન ગુણનીલો - એ દેશી.)

આવો આવો મુજ મનમંદિરે, સમરાવું સમક્તિ વાસ[1] હો—મુણીંદ ૦
પંચાચાર બિછાવણા[2], પંચરંગી રચના તાસ હો —મુણીંદ—આવો૦....(૧)

સિજ્જા મૈત્રીભાવના, ગુણમુદિતા તળાઈ[3] ખાસ હો-મુણીંદ૦
ઉપશમ ઉત્તરછદ[4] બન્યો તિહાં કરૂણા કુસુમ-સુ-વાસ હો —મુણીંદ—આવો૦...(૨)

થિરતા આસન આપશ્યું, તપ-તકિયા નિજ ગુણ-ભોગ હો—મુણીંદ ૦
શુચિતા કેસર છાંટણાં, અનુભવ તંબોળ સુરંગ હો —મુણીંદ—આવો૦....(૩)

ખાંતિ ચમર વીંજશે, વળી મૃદુતા ઢોળે વાય હો—મુણીંદ ૦
છત્ર ધરે રૂજુતા સખિ ! નિર્લોભ ઓળાંસે[5] પાય હો —મુણીંદ—આવો૦(૪)

સત્ય સચિવને સોંપશ્યું, સેવા વિવેક-સંયુત હો-મુણીંદ ૦
આતમ સત્તા શુદ્ધચેતના, પરણાવું આજ મુહૂર્ત હો —મુણીંદ—આવો ૦ (૫)

અરજ સુણીને આવિયા, જયા-નંદન નિરૂપમ દેહ હો—મુણીંદ ૦
ઓરછવ રંગ-વધામણાં, થયા **ક્ષમાવિજય-જિન** ગેહ હો—મુણીંદ—આવો૦(૬)

---

૧. મકાન ૨. પલંગ ૩. ગાદી ૪. ઓછાડ ૫. દબાવે=પંપાળે

## કર્તા શ્રી હંસરત્નજી મ.

(શહેર ભલો પણ સાંકડો રે - એ દેશી)

**શ્રી વાસુપૂજ્ય**-જિણંદજી રે, મુજ મન એહવી ખાંત[1]—સસનેહી
પ્રકાશું પ્રભુ આગળે હો લાલ, અવધારો અરીહંત
—સાંભળો સાહેબ ! વિનતિ હો રાજ !....(૧)

મુજ મનમંદિર પ્રાહુણા[2] રે, જો આવો એક વાર—સ૦
તો રાખું પાલવ[3] ઝાલીને હો લાલ
ઘણી ય કરી મનોહાર—સ૦સાંભળો૦....(૨)

તુમ વસવાને યોગ્ય છે રે, મનોહર મુજ મનગેહ – સ૦
ચિત્રશાળી જિહાં ચિહું દિશે હો લાલ,
રાજિ[4] અનુભવરેહ— સ૦ સાંભળો૦....(૩)

સુમતિ અટારી શોભતી રે, મંડપ જિહાં સુવિવેક—સસનેહી !
મોહ-તિમિર ટાળ્યા વળી હો લાલ,
જ્ઞાન-પ્રદીપે છેક - સસનેહી! સાંભળો૦....(૪)

રાગ-દ્વેષ આદિ જિહાં રે, કંટક કીધા દૂર—સસનેહી !
ટાળ્યો જિહાં કરૂણા-જળે હો લાલ,
પાતિક[5]-પંક પંડૂર – સસનેહી! સાંભળો૦....(૫)

ભાવ-ઉલોચ[6] બાંધ્યું ભલું રે, વિનય-જલેચો મંહિ—સસનેહી !

અચલ - સભાવ સુવાસના હો લાલ !
ધૂપઘટી વળી ત્યાંહિ—સસનેહી ! સાંભળો૦....(૬)
નિર્મળ તુજ ગુણ -ચંદ્રિકા રે, ધવલિત સુંદર-ધામ—સસનેહી !
વાહલા તુમ વસવા ભણી હો લાલ,
મેં કીધું અભિરામ-સસનેહી ! સાહિબા૦....(૭)
આવી વસો મન-મોહોલમાં રે, સફળ કરી અરદાસ—સસનેહી !
**હંસરતન** પ્રભુ હેજશું હો લાલ,
જો પૂરો મન - આશ — સસનેહી ! સાહિબા૦....(૮)

---

૧. તીવ્રતમન્ના ૨. મહેમાન ૩. છેડો ૪. શોભે છે ૫. પાપનો કીચડ ૬. ઘણો ૭. ચંદરવો ૮. દેશી શબ્દ લાગે છે, પણ 'ઝમકઝમાલ' અર્થ બેસે છે.

## કર્તા શ્રી મોહનવિજયજી મ.

### (ચુનડી તો ભીજે હો સાહિબાજી ! પ્રેમની - એ દેશી.)

પ્રભુજીશ્યું લાગી હો પૂરણ પ્રીતડી, જીવન પ્રાણ આધાર
ગિરૂઆ જિનજી હો રાજ, સાહેબ સુણજ્યો હો માહરી વિનંતી
દરિશણ દેજ્યો દિલભરી શ્યામજી,
અહો ! જયગુરૂ સિરદાર — સાહિબ૦....(૧)
ચાહીને દીજે હો ચરણોની ચાકરી,
દ્યો અનુભવ અમ સાજ; ગિરૂઆ૦
ઇમ નવિ કીજે હો સાહેબાજી ! સાંભળો,
કાંઈ સેવકને શિવરાજ ગિરૂઆ૦ સાહિબા૦....(૨)

ચૂપશ્યું[1] છાના હો સાહીબા ન બેસીયે,
કોઈ શોભા ન લહેશ્યો કોઈ – ગિ૦
દાસ ઉધારો હો સાહેબાજી ! આપણો,
જ્યું હોવે સુજશ સવાય–ગિ૦ સા૦....(૩)
અરૂણ[2] જો ઉગે હો સાહેબાજી અંબરે[3],
નાસે તિમિર[4] અંધાર– ગિ૦
અવર દેવ હો સાહિબજી કિંકરા,
મિલિયો તું દેવ મુને સાર-ગિ૦ સા૦....(૪)
અવર ન ચાહ હો સાહિબાજી તુમ છતે,
જિમ ચાતુક જલધાર – ગિ૦
ખટપદ[5] ભીનો હો સાહેબાજી પ્રેમશ્યું,
તિમ હું હૃદય મઝાર-ગિ૦ સા૦....(૫)
સાતરાજને હો સાહિબાજી અંતે જઈ વસ્યા,
શું કરિયેં તુમ પ્રીત–ગિ૦
નિપટ નિરાગી હો જિનવર તું સહી,
એ તુમ ખોટી રીત–ગિ૦ સા૦....(૬)
દિલની જે વાતાં હો કિણને દાખવું, **શ્રી વાસુપૂજ્ય** જિનરાય–ગિ૦
ખીણ એક આવી હો[6] પડેજી સાંભળો,
કાંઈ **મોહન** આવે દાય[7]–ગિ૦ સા૦....(૭)

---

૧. મૌનપણે ૨. સૂર્યોદય પૂર્વે થતો અરૂણોદય ૩. આકાશે ૪. ગાઢ ૫. ભ્રમર ૬. જાતે ૭. અનુકૂળ

## કર્તા શ્રી રામવિજયજી મ.

(ઉંચો ગઢ ગિરનારકો રે, મનમોહના નેમ-એ દેશી.)

**શ્રી વાસુપૂજ્ય-જિણંદજી રે, દિલરંજના હો લાલ**
મુજ મન વાધ્યો રંગ હો, દુઃખ ભંજના હો લાલ
ચાહું ન્હાઉં નિશદિને રે, દિ૦ તુજ ગુણ-ગંગતરંગ હો –દુઃખ૦.......(૧)

જે સંગી જગ[૧]-સંગના રે, દિ ૦ તેહશું કેહો સંગ હો–દુઃખ ૦
ત્રિભુવનહેમની[૨] મુંદ્રડી[૩] રે, દિ૦ તું તો અમુલખ[૪] નંગ હો–દુઃખ૦.....(૨)

બાંહ ગ્રહી મુજ બાળને રે, દિ ૦ રાખો નિજ ઉછંગ[૫] હો –દુઃખ ૦
મોહ સરીખા રાજવી રે, દિ ૦ જેમ ન મંડે જંગ[૬] હો –દુઃખ૦.......(૩)

વાતડીઆં સમજાવીઓ રે, દિ ૦ સમજે કિમ એકંગહો - દુઃખ ૦
અટકયો તે નવિ ઉભગેરે, દિ૦ માનસ[૭] ધવલ[૮]-વિહંગહો –દુઃખ.......(૪)

ભગત વિશે લેશું અમે રે, દિ ૦ પ્રભુ તુમપદવી ચંગહો, દુઃખ૦
વાચક **વિમળને રામના** રે, દિ૦ પ્રભુ શું પ્રેમ અભંગ હો –દુઃખ૦.......(૫)

---

૧. જગતના વાતાવરણના ૨. ત્રણ ભુવન રૂપ સોનાની ૩. વીંટી ૪. અણમોલ ૫. ખોળામાં ૬. લડાઈ-યુદ્ધ ૭. માનસરોવર ૮. રાજહંસ

## કર્તા શ્રી રામવિજયજી મ.

(નંદન ગોવાલીયાની - દેશી)

**શ્રી વાસુપૂજયનરિંદના**, નંદન જિન નયણાનંદ,
શ્રી જિન વાલહા, પ્રભુ ? કિમ આવું તુમ ઉળગે[૧],
મારે કૂડો[૨] - કુટુંબનો ફંદ - શ્રીજિન! સાંભળો૦.....(૧)
કુમતી[૩]-રમણી મોહનંદિની[૪], મુજ કેડ ન મૂકે તેહ-શ્રી.
મિત્ર મળ્યો તે લોભીઓ, લાગો તેહશું બહુ નેહ-શ્રી૦.....(૨)
ત્રેવીશ[૫] મળ્યા ધૂતારડા, તેહના વળી નવ નવા રંગ-શ્રી.
અહનિશ તેણે હું ભોળવ્યો, ન ધર્યો પ્રભુ સાથે રંગ-શ્રી૦.....(૩)
પ્રભુ દરશણ તલસે ઘણું, જિન મુજ મનડું દિનરાત-શ્રી.
પણ પન્નર[૬] આડા રહે, જે નીચ ઘણું કમજાત–શ્રી૦.....(૪)
કૂડો કળીયુગ આજનો, બહુ ગાડરિયો પરવાહ –શ્રી૦
તાહરૂં રૂપ ન ઓળખે, નહિ શુદ્ધ ધર્મની ચાહ–શ્રી૦.....(૫)
પ્રભુ-દરિશણ વિણ જીવડા, કરતા દીસે વિવહાર–શ્રી૦
તેણે ભ્રમે ભૂલ્યા ઘણા, પ્રભુ દોહિલો લોકાચાર – શ્રી૦.....(૬)
વરસ સિતેર લખ આઉખું, તોરૂં સિતેર ધનુષ તનુ સાર-શ્રી૦
**રામવિજય** કરજોડીનેં, કહે ઉતારો ભવપાર–શ્રી૦.....(૭)

---

૧. સેવામાં ૨. ખોટા ૩. કુમતિ સ્ત્રી ૪. મોહની દીકરી ૫. પાંચ ઇંદ્રિયના ત્રેવીશ વિષયો

## કર્તા શ્રી કાંતિવિજયજી મ.

(વિઝાસેણ મારૂ— એ દેશી)

મોહનજી હો ! ગુંણ બહુલા બુધ[1] થોડલી હો સાહિબા,
કિમ કરી કરૂં રે પ્રકાશ —
રાય નીકા[2] સેંણ[3] મ્હારા ભુજબળ તરવા સાયરૂરે સા૦,
માંડયો મેં એહવો પ્રયાસ—રાય૦.....(૧)

ચંદ્રકિરણ કરશ્યું ગ્રહીરે સા૦, ચાહું હું ચઢણ આકાશ - રાય ૦
સુરગિરિ તોલણ ગાજૂયે, હો સા૦ બાંધ્યો એ બાળવિલાસ-રાય ૦.....(૨)

થોડાહિ તુજ ગુણ ભાખતાં હો સા ૦, મુજ મનવંછિત થાય—રાય ૦
ગજભોજનના અંશથી હો સા ૦, કીડીના ઉદર ભરાય — રાય૦.....(૩)

ઓળગડી ગિરૂઆ તણી હો સા ૦, નિષ્ફળ કદી હી ન થાય - રાય.
તૃણ વળગ્યા જે મેરૂને હો સા ૦ તે પણ કનક કહાય—રાય ૦.....(૪)

**પ્રેમમગન મન માહરૂં હો—સા૦, શ્રી વાસુપૂજય** સુત ધ્યાન — રાય
**કાંતિ** વદે કીધો ઘણો હો સા૦, ભગતિ સુધારસ પાન — રાય ૦.....(૫)

---

૧. બુદ્ધિ ૨. સારા ૩. સજ્જન

## કર્તા શ્રી ન્યાયસાગરજી મ.

(વ્રજમંડલ દેશ દેખાડો રસીયા એ દેશી)

મનમંદિર નાથ વસાઓ[1] ! રસિયા,–મન૦
તું હીજ હજાણે[2] લિખો કરિ ચોખું, દુરિત દોહગ રજ જાયેં ઘસિયા–મન૦(૧)
મનમંદિર સાહિબ જબ વસિયા, ગુણ આવે સવિ ઘસમસિયા–મન૦(૨)
દર્શન ફરશન દુર્લ્લભ પામી, હૃદયકમળ મુજ ઉલ્લસિયા –મન૦(૩)
મનમોહન મનમંદિર બેસી, કર્મ અહિતકો લ્યે તસીયા[3] –મન૦(૪)
**વાસુપૂજ્ય** જિન મનમથારિ[4] જાણી, વિષય-વિકાર અલગા ખસીયા–મન૦(૫)
**ન્યાયસાગર** પ્રભુ સેવા કરતાં, અંતરંગ ગુણ સવિ હસિયા[5]–મન૦(૬)

---

૧. પધારો ૨. આપમેળે ૩. ત્રાસ પામ્યા ૪. કામદેવના શત્રુ ૫. વિકસ્યા

## કર્તા શ્રી ન્યાયસાગરજી મ.

(દેશી પારધીયાની–રાગ મલ્હાર)

**શ્રી વાસુપૂજ્ય** જિનરાજીયા રે,
આવો મુજ મનમાંહિરે–મનવસિયા,
શુદ્ધ કરી છે ભૂમિકારે, મિથ્યાકંટક નાહીરે–શિવરસીયા ૦
સમકિતગુણ શુદ્ધદષ્ટિ છે રે, કિરિયારૂચિ શુભ વાસરે[1] મન ૦
વિરતિચારિત્ર સિંહાસનેં રે, મૈત્રીપટ બિછાયરે-શિવ ૦
જ્ઞાન પરમરસ સ્વાદનારે, પાર ન બોલ્યા જાય રે–મન ૦
થોડે ઝાઝું જાણજો રે, તુમ આવ્યે સર્વ સુહાય રે–શિવ ૦
**શ્રી વાસુપૂજ્ય** નરેસરૂ રે, **જયારાણી** જસ માયરે-મન ૦

મહિમા જેહનાં જાણીયેં રે, એવો મેરુ જેમ રાયરે—શિવ ૦
જિનદર્શન સમ ...રિયો રે, ખટ્વિધ જીવ નિકાયરે-મન ૦
લળીલળી શિર નાંમી કહે રે, ન્યાયસાગર કવિરાયરે-શિવ ૦

श्रीमहावीर जैन आराधना केन्द्र

## કર્તા શ્રી પદ્મવિજયજી મ.

(ઇડર આંબા આંબલી રે-એ દેશી)

વાસવવંદિત વંદીએ રે, **વાસુપૂજ્ય** જિનરાય
**શ્રેયાંસ** ને **વાસુપૂજ્ય** વિચે રે, ચોપન સાગર જાય
જિનેસર ! તું મુજ પ્રાણ-આધાર, તુંહી જ મોક્ષદાતાર;
ચવીઆ જેઠ સુદિ નવમીયેં રે, જનમ તો ફાગુણ માસ
વદિ ચૌદસ દિન જાણીયેં રે, ત્રોડે ભવભય પાશ-જિ૦
સિત્તોર ધનુ-તનુ રક્તતા રે, દીપે જાસ પવિત્ત
અમાવાસ્યા ફાગુણ તણી રે, જિનવર લિયે ચારીત્ત-જિ૦
બીજ માહ સુદની ભલી રે, પામ્યા જ્ઞાનમહંત
આષાઢ સુદી ચૌદસે કર્યો રે, આઠ કરમનો અંત -જિ૦
આયુ બોતેર લખ વરસનું રે, **જિન-ઉત્તમ** મહારાજ
બાંહિ ગ્રહીને તારીયેં રે, **પદ્મવિજય** કહે આજ -જિ૦

## કર્તા શ્રી પદ્મવિજયજી મ.

(પ્રથમ ગોવાલા તણે ભવેજી-એ દેશી)

વાસવવંદિત વંદિએજી, **વાસુપૂજ્ય** જિનરાય
માનું અરૂણ વિગ્રહ કરયોજી અંતર રિપુ જયકાર[1]
ગુણાકર! અદ્‌ભુત ત્હારી રે વાત, સુણતાં હોય સુખ-શાંત—ગુણા૦(૧)

અંતર રિપુ ક્રમ જય કર્યોજી, પામ્યો કેવલજ્ઞાન
શૈલેશીકરણે દહ્યાજી શેષ કરમ સુહ-ઝાણ—ગુણા૦(૨)

બંધન-છેદાદિક થકીજી, જઈ ફરસ્યો લોકાંત
જિહાં નિજ એક અવગાહનાજી, તિહાં ભવ મુક્ત અનંત—ગુણા૦(૩)

અવગાહના જે મૂળ છે જી, તેહમાં સિદ્ધ અનંત
તેહથી અસંખગુણા હોયેંજી, ફરસિત જિન ભગવંત—ગુણા૦(૪)

અસંખ પ્રદેશ અવગાહનાજી, અસંખ્યગુણ તિણે હોય
જ્યોતિમાં જ્યોતિ મિલ્યા પરેજી, પણ સંકીર્ણ ન કોય—ગુણા૦(૫)

સિદ્ધ-બુદ્ધ પરમાતમાજી, આધિ-વ્યાધિ કરી દૂર
અચલ અમલ નિકલંક તુંજી, ચિદાનંદ ભરપૂર—ગુણા૦(૬)

નિજ-સ્વરૂપમાંહિ રમેજી, ભેળા રહત અનંત
**પદ્મવિજય** તે સિદ્ધનુંજી, ઉત્તમ-ધ્યાન ધરંત—ગુણા૦(૭)

---

૧. જીતવા માટે

## કર્તા શ્રી વિજયલક્ષ્મીસૂરિ મ.

(બન્યો રે કુંઅરજીનો સેહરો—એ દેશી)

**શ્રી વાસુપૂજ્ય** તનુ દેખીને, સુરનર હરખે સ્વાંત-હો—જિણંદ,
નિજ વિગ્રહ કાંતે કરી, અધર કૃત રવિ[1] કાંત હો-મુણિંદ,
તુજ દરિશણ મુજ વાલહું....(૧)
સામાન્ય જનથી અધિક હોવે, મંડલ[2]-ક્ષિતિપતિ રૂપ હો—જિ ૦
તેહથી હલધર[3]—હરિતનુ[4]- ચક્રીરૂપ અનૂપ હો—મુ૦—તુજ૦.....(૨)
તેહથી ભવનપતિ—વ્યંતરા, જોઈશ ચઢતે વાન હો—જિ૦
અનુક્રમે કલ્પ ગ્રૈવેયક સુરા, અનુત્તરરૂપ વિધાન હો – મુ ૦ તુજ ૦......(૩)
અધિકા તેહથી મુનિવરા, ચઉદ પુરવધર વૃદ્ધિ હોજિ ૦
આહારક તનુ છબી તેહથી, ગણપતિ રૂપસમૃદ્ધિ હો—મુ ૦ તુજ૦......(૪)
સહુથી લક્ષણ લક્ષિત, જીત્યા સવિ ઉપમાન હો—જિ ૦,
રૂપ અનંત ગુણ દેહમાં, શાંતરૂપી અસમાન હો—મુ ૦ તુજ ૦.....(૫)
તિલક સમાન ત્રિભોવન વિષેં, નિપજાવ્યો ગુણગેહ હો—જિ ૦
જગમાં પુદગલ જેતલા, જીણે નહી તુજ સમ દેહ હો —મુ ૦ તુજ૦......(૬)
પાદ પાદપસુર સારિખા, શશીમુખ અતિ સુખ હેતુ હો-જિ૦
કરમ ભરમ હરકર કહ્યા, લોચન ભવોદધિ સેતુ હો —મુ ૦ તુજ૦......(૭)
ઈમ પ્રભુ રૂપ નિજ સ્વરૂપને પ્રાપ્તિ ભણી સુનિદાન હો—જિ૦
અવલંબી **લક્ષ્મીસૂરિ** અનુભવે, અનુત્તર સુખ અવિગાન હો—મુ૦તુજ૦.....(૮)

૧. ઉગતા સૂર્યની કાંતિ ૨. દેશાધિપતિ=રાજા ૩. બલદેવ ૪. વાસુદેવ

## કર્તા શ્રી કીર્તિવિમલજી મ.

**વાસુપૂજ્ય** જિન વંદીયે રે લાલ, વાસવ[1] સારે સેવ,– મેરે પ્યારે
તું જિનજી સોહામણો રે લાલ, વાંછિત દે નિત્યમેવ–મેરે વાસુ૦.......(૧)
**વાસુપૂજ્ય** કુલ-ચૂડામણિ રે લાલ, જયા માતનો નંદ, મેરે ૦
તું દાનેશ્વર–સેહરો રે લાલ, તુજ નામે નિત્ય આનંદ મેરે ૦ વાસુ૦.......(૨)
તુજ ધ્યાને સુખ-સંપદા રે લાલ, સેવે સુર-નર પાય મેરે ૦
રોગ-સોગ-ઉપદ્રવા રે લાલ, દૂરે સર્વે બલાય[2]–મેરે ૦ વાસુ૦.......(૩)
**ચંપાનયરી અતિ ભલી રે લાલ, જિહાં ઉપન્યા જિનરાય – મેરે ૦**
ઓચ્છવ-રંગ વધામણા રે લાલ, ઘરે ઘરે મંગલમાલ–મેરે ૦ વાસુ૦.......(૪)
બારમા જિનવર સાંભળો રે લાલ, સેવકની અરદાસ – મેરે ૦
**ઋદ્ધિ–કીર્તિ** અનંતી દીજીયે રે લાલ, પુરો એ મુજ આશ-મેરે ૦ વાસુ૦....(૫)

૧. ઇંદ્ર ૨. ઉપાધિ

## કર્તા શ્રી દાનવિમલજી મ.

**વાસુપૂજ્ય** સ્વામીજીને કરું રે પ્રણામ
મૂરતિ સુરતિ નિરખી હરખ્યો, માહરો આતમરામ–
મારા સુખના હો, ઠામ !, મીઠી આંખે દેખત મોરી ભાવઠ ગઈ૦.....(૧)
અચરજ તારી વાર્તામાં, થયો રે કરાર
મૂઢ પખે વિસારી મૂકી, નવિ કીધો નિરધાર–મારા૦....(૨)
અવગુણ મુજમાં છે ઘણા, પણ સાહેબ ન આણો મન
લોક કલંકી થાપીઓ, પણ શશહર રાખ્યો તન–મારા ૦.....(૩)

ભમતાં ભમતાં જોઈઓ મેં, તુમ્હ સરીખો દેવ
દીઠો નહિ તેણે કારણે મેં, નિશ્ચે કરવી સેવ-મારા૦....(૪)
**દાનવિમલ** પદ તેં દીયો, મહેર કરી મહારાજ
એટલો દિન લેખે થયોને, સફળ થયો ભવ આજ - મારા૦....(૫)

## કર્તા શ્રી વિનીતવિજયજી મ.

સુગુણ લા રે ! માહરા આતમરામ કે, પ્રાણવલ્લભ પ્રભુ માહરી,
જો સુણી વિનતિ રે એક સ્વામી, સારકે, સુમતિ-નારી હું તાહરી
પાહુણડો રે એક અતુલ પિછાણ કે, અનોપમ ગુણ છે જેહના
મનમંદિર રે હું તેડીશ તેહ કે, અપચ્છર ગુણ ગાયે તેહના.....(૧)
વળતું બોલે રે આતમ પિઉ એમ કે, મંદિર શુચિ કરો સુંદરી !
ઉપશ-જલેરે નિરમલ કરી દેહ કે, જ્ઞાનરતન ભૂષણ ધરી
પંચવરણા રે વ્રત ચરણા ચીર કે, વિવેક-દીપક વર કીજીરે
ફુલસજયારે સમતામય જાણકે, એહશું લાહો લીજીયે....(૨)
ભલી ભગતે રે રીઝવવો એહ કે, ચતુર-ચકોર તું ગોરડી
વડવખતેરે સુણ નારી સુજાણ કે, એહશું પામી છે ગોઠડી
**વાસુપૂજ્ય** રાજેન્દ્રનો રે નંદન એહકે, ચંદન શીતલ વયણડાં,
એહનાં સુણીયે રે ગણીયે સફળ સંસાર કે, નિરખત નેહી નયણડાં.....(૩)
પુરૂષોત્તમ રે તું પુરૂષ-પ્રધાન કે, પુરૂષ રતન-ચુડામણી,
મુગતિ રમણી રે તેં પરણી સારકે, શોભા ગિણી સોહામણી
આઠ કરમનાં રે દળ માંડયા જેણ કે, અવિચલ જયલખમી વીર,
મહિષલંછન રે સ્વામી વિદ્રુમવાન કે, મયણ જીત્યો રૂપે કરી.....(૪)

તુજ ત્રુઠેરે સ્વામી વંછિત કોડ કે, તન મન-ધન સુખ સંપજે,
જયસંપદ રે પ્રભુ દેવ-દયાળ કે, તુમ્હ પસાયે નીપજે
પંડિતજન રે શિરમુકુટ સમાન કે, **મેરૂવિજય** ગુરૂરાજના,
પદકમલે રે મધુકર નિતમેવ કે, **વિનીત** વયણ માનો સાજના.....(૫)

## કર્તા શ્રી અમૃતવિજયજી મ.

**(રાગ-કાફી)**

એસો નહિ કોઈ ત્રિભુવનમેં, સબ દેવનમેં;–એસો ૦
જાકે જનમ સમયે અમરી, આઇ છપ્પન દિશિયકુમરી;
નિજ નિજ કૃત કરે પ્રભુ લાઈ, કેલીસદનમેં,-એસો ૦....(૧)
ચોસઠ હરી આએ, પ્રભુ લે મેરૂશિખર ઠાએ
કરી જનમોત્સવ ભક્તિ બનાયે, પાંડુક બનમેં–એસો ૦....(૨)
તજી ઘર આશ્રમ સંજમ ઠાએ, ક્ષપક શ્રેણિ ચઢી કેવલ પાયે
છદમેં ધર્મકથા કહે આયે, સમોવસરનમેં-એસો ૦....(૩)
દેખો માત **જયા**-કોછોના[૨], લાલમણિ તન સેહેજ સલોના[૩]
સુર નરપતિ સબ શીશ, નમાએ જાકો પ્રનમેં-એસો ૦....(૪)
દુઃખભંજન જનરંજન દેવા, પાઉં ભવ ભવ ઇતની સેવા
કહે **અમૃત** મુજ રખલે સાયે, તેરી શરનમેં. - એસો ૦....(૫)

---

૧. બક્ષીસ ૨. પુત્ર ૩. સુંદર

## કર્તા શ્રી પ્રમોદસાગરજી મ.

(મુનિ પ્યારોરે લાગે વીછુઓ– એ દેશી)

સખી ! [1]**વાસુપૂજ્ય** પ્રભુ બારમા, મનમોહન સાહિબ દેવરે
સખી ! દેહી દીપે સુરસી, સુર-કિનંર કરતા સેવરે-સખિ૦.....॥૧॥
સખી ! સીત્તેર ધન[2]તનુ-માન છે, લખ બહોતર વરસનું [3]આયરે ।
સખી ! નરપતિ, [4]**વાસુપૂજ્ય** નામે, જસ રાણી જયાદેવી[5] માયરે–સખિ૦....॥૨॥
સખી ! મહિષ [6]લંછન [7]ચંપાધણી, જસ છાસઠ [8]ગણધર સ્વામીરે ।
સખી ! [9]**કૌમાર** [10]ચંડા જક્ષિણી, પ્રભુ આણ ધરે શિરનામીરે–સખિ૦....॥૩॥
સખી ! સહસ બહોતર [11]સંયતી, સુખકર શ્રીજિનરાજરે ।
સખી ! એક લખ સુંદર [12]સાધવી, અતિ સાધે આતમ કાજરે–સખિ૦॥૪॥
સખી ! હૃદય કમલમાં એહને, ધ્યાઇને હોયે સિદ્ધિરે ।
સખી! **પ્રમોદસાગર** પ્રભુ સેવથી, ઘેર પ્રગટે નવનિધિ રિદ્ધિરે–સખિ૦॥૫॥

## કર્તા શ્રી ભાણચંદ્રજી મ.

(દેશી નણદલની)

**વાસુપૂજ્ય** નૃપકુળ મંડણો, **વાસુપૂજ્ય** જિનરાય-જિનવર ।
વસ્તુતત્વ પ્રકાશતા, વાસવ પૂજિત પાય.-જિનવર
બલિહારી તુમ નામને, જેહથી કોડી કલ્યાણ,-જિનવર ।
નામથી દુઃખ દોહગ ટળે, મળે સુખ નિરવાણ-જિન ૦ બલિ૦॥૨॥
નામનું સમરણ જે કરે, પ્રતિદિન ઉગતે ભાણ-જિન ૦ ।
તે કમળા વિમળા લહે, પણ કરે કોઈ સુજાણ-જિન ૦ બલિ૦॥૩॥

ચંદન[1] પન્નગબંધન, [2]શિખિ-રવે વિખરી જાય-જિન ૦ ।
કર્મ બંધન તેમ જીવથી, છૂટે તુમ નામ-પસાય-જિન ૦ બલિ૦॥૪॥
સઘન ઘનાઘનની ઘટા, વિઘટે પવન પ્રચંડ-જિન ૦ ।
[3]મયગલનો મદ કિમ રહે, જિહાં વસે [4]મૃગપતિ ચંડ-જિન ૦ બલિ૦॥૫॥
[5]સહસ-કિરણ જિહાં ઉગીયો, તિહાં કિમ રહે અંધકાર-જિન ૦ ।
તિમ પ્રભુનામ જિહાં વસે, તિહાં નહીં કર્મ વિકાર-જિન ૦ બલિ૦॥૬॥
ભાણ કહે મુનિ વાઘનો, નિતુ સમરૂં તુમ નામ-જિન ૦ ।
જિમ શિવકમળા સુખ લહુ,, માહરે એહીજ કામ-જિન-૦ બલિ૦॥૭॥

---

૧. સર્પનું બંધન ૨. મોરના અવાજથી ૩. મદમસ્ત હાથી ૪. સિંહ ૫. સૂર્ય

## કર્તા શ્રી ખુશાલમુનિજી મ.

### (અનિ હાંરે વાહાલો વસે વિમળાચળે રે-એ દેશી)

અને હાંરે મ્હારો પ્રભુ દિયે છે દેશના રે, તે તો સાંભળે છે ભવિજન્ન ।
સમવસરણ બેઠા શોભતા રે, ભાખે ચાર મુખે સુ-પ્રસન્ન–પ્રભુ૦॥૧॥
અ ૦ બારે પરષદા તિહાં મળી રે, સવિ બેસે આપણે ઠાય ।
વાણી જોજન ગામિની રે, એ તો સુણતાં આવે દાય –પ્રભુ૦॥૨॥
અ ૦ રૂડાં વયણડાં નીકળે રે. ધુની મેઘ પરે ગંભીર ।
પામર વચને ન મિલે કંઈ રે, ઉંચે શબ્દે સાહસ ધીર – પ્રભુ૦॥૩॥
અ ૦ પડછંદા ઉઠે બોલતાં રે, અતિ સરલપણે અભિરામ ।
માળવકૌશિક રાગથી રે, જે આણે હિયડું ઠામ– પ્રભુ૦॥૪॥
અ ૦ શ્રી **વાસુપૂજ્ય** જિન સાહિબા રે, મહારી મિથ્યામતિને ટાળ ।
**ખુશાલમુનિ**ને નિત આપણો રે, તું જાણીને થાજ્યો દયાળ–પ્રભુ૦॥૫॥

## કર્તા શ્રી ચતુરવિજયજી મ.

### (તુમે બહુ મિત્રારે સાહેબા-એ દેશી)

સુવિહિતકારીરે સાહિબા, સુંદર રૂપ નિધાન ।
તુજ મુજ રીઝની રીઝમાં, ઉપજે આતમ-જ્ઞાન સુ૦॥૧॥

આકર્ષે અવયવ તાહરા, લક્ષણાલક્ષિત દેહ ।
પ્રેમ પ્રગટતારે પુણ્યની, વધતી મોહને જેહ-સુ૦॥૨॥

કિહાં ઉપનો કિહાં નીપનો, રૂપાતીત સભાય ।
અચરિજ એ મુજ વાતનો, કહોને શ્રી જિનરાય-સુ૦॥૩॥

પૂરવગતિરે પ્રયોગથી, જોગ મિલ્યે છે રે આય
તો ભેદગ્રંથિ[1] ન રાખીયે, રાખી ન આવેહો દાય-સુ૦॥૪॥

કામિત-પૂરણ સુરતરૂ મૂરત મોહનવેલ ।
સાચો જાણી મેં સેવિઓ, જિમ ઘન[2]-ચાતકમેલ-સુ૦॥૫॥

લલના નયણેરે નિરખતાં, હિયડો હેજે ભરાય ।
**ચંપાનયરીનો** રાજિઓ, **વાસુપૂજ્ય** જિનરાય-સુ૦॥૬॥

કરકમલે જિન કેતકી, ભમરપરે રસ લીન ।
ભેદ્યો **ચતુર** તે આતમા, થઈ રહ્યો તુજ આધીન-સુ૦॥૭॥

---

૧.ભેદ-જુદાઈની ગાંઠ ૨. વાદળા અને ચાતકનો પ્રેમ

## કર્તા શ્રી દેવચંદ્રજી મ.

### (પંથડો નિહાલું રે, બીજા જિનતણો રે - એ દેશી)

પૂજના તો કીજે રે, બારમા જિન તણી, જશુ પ્રગટયો પૂજ્યસ્વભાવ ।
પર-કૃત પૂજા રે જે ઇચ્છે નહિ રે, સાધક કારય દાવ-પૂ૦॥૧॥

દ્રવ્યથી પૂજારે કારણ ભાવનીરે, ભાવ પ્રશસ્તને શુદ્ધ ।
પરમ ઇષ્ટ વલ્લભ ત્રિભુવન ધણી રે, વાસુપૂજ્ય સ્વયંબુદ્ધ-પૂ૦॥૨॥

અતિશય મહિમા રે અતિ ઉપગારિતારે, નિરમલ પ્રભુ ગુણરાગ ।
સુરમણિ સુરઘટ તુચ્છ તે રે, જિનરાગી મહાભાગ-પૂ૦॥૩॥

દર્શન-જ્ઞાનાદિક ગુણ આત્મનારે, પ્રભુ પ્રભુતા લયલીન ।
શુદ્ધ-સ્વરૂપી રૂપે તન્મયીરે, તસુ આસ્વાદન પીન-પૂ૦॥૪॥

શુદ્ધ તત્ત્વ રસરંગી ચેતના રે, પામે આત્મ સ્વભાવ ।
આત્માલંબી નિજ ગુણ સાધતો રે, પામે (પ્રગટે) પૂજ્ય સ્વભાવ - પૂ૦॥૫॥

આપ અકર્તા સેવાથી હુવેરે, સેવક પૂરણ સિદ્ધિ ।
નિજ ધન ન દીયે પિણ આશ્રિત લહેરે; અ-ક્ષર-અ-ક્ષય-રીદ્ધિ-પૂ૦॥૬॥

જિનવર પૂજા તે નિજ-પૂજનારે, પ્રગટે અન્વય શક્તિ
પરમાનંદ વિલાસી અનુભવેરે, દેવચંદ્ર-પદ વ્યક્તિ-પૂ૦॥૭॥

## કર્તા શ્રી જીવણવિજયજી મ.

### (સંભવજિન અવધારિયે - દેશી)

જય **જયાનંદન** દેવની, [1]સખરી સઘલાથી સેવ-સાહેબજી ।
એક-મના આરાધતાં, વર વાંછિત લહે નિતમેવ-સા૦.....॥૧॥
વહાલી હો મૂરતિ મન વસી, મનમોહન **વાસુપૂજ્ય**-નંદ-સા૦।
[2] સાસ-સમાણો તે સાંભરે, **વાસુપૂજ્ય** વ્હાલો જિનચંદ-સા૦.....॥૨॥
વાસ વસ્યા જઈ [3]વેગલે, એ તો અહીં થકી સાત રાજ-સા૦।
ધ્યાતા જન મન ઢુંકડો, કરવા નિજ-ભક્તિ સુકાજ-સ૦....॥૩॥
અનોપમ આશ તુમારડી, અનુભવ રસ ચાખણ આજ-સા૦।
મહેર કરી મુજ દીજીયે, નેક નજર ગરીબ-નિવાજ-સા૦......॥૪॥
વિનતડી વીતરાગની, કરતાં કાંઈ કોડિ કલ્યાણ - સા૦।
**જીવણ** કહે કવિ-જીવનો તુજ તૂઠયે નિરમલ નાણ-સા૦......॥૫॥

---

૧. શ્રેષ્ઠ ૨. શ્વાસની સાથે ૩. દૂર

## કર્તા શ્રી દાનવિજયજી મ.

### (બાઈ, કાઠા ગહુંય પીસાવ-એ દેશી)

હાં જી ! **વાસુપૂજ્ય**-જિનરાજ, કાજ અછે મુજ [1]તોહિશું –પ્રભુ !અરજ સુણો ।
હાં જી ! બાંહ્ય-ગ્રહ્યાની લાજ, જાણી હેત ધરો [2]મોહિશું - પ્રભુ૦......॥૧॥
હાં જી ! ઝાઝો હો [3]આઝો આણી, અધિકું-ઓછું [4]આખિયે -પ્રભુ૦
હાંજી ! કહેવા માંડી જિહાં વાણી. ઓછે તિહાં કિમ રાખિયે ?-પ્રભુ૦...॥૨॥
હાં જી ! ઝઘડો ઝઘડા ઠાય, કીધા [5]પાખે કહો કેમ સરે ?-પ્રભુ૦
હાં જી ! માંગ્યા વિણ પણ માય, ભોજન નવિ આગે ધરે-પ્રભુ૦...॥૩॥

હાં જી ! જિણશું અવિહડ નેહ, ઝઘડો તિણશું કીજિયે - પ્રભુ ૦।
હાં જી ! સહી આષાઢી મેહ, [૬]તાવડે તુરત ન [૭]છીજિયે-પ્રભુ ૦....।।૪।।
હાં જી ! તું પ્રભુ કરુણાસિંધુ, અવિહડ હેત તો શું સહી-પ્રભુ ૦।
હાં જી ! શિવસુખ દ્યો જગબંધુ, **દાનવિજય**ને ગહગહી-પ્રભુ૦....।।૫।।

---

૧. તમારા થી ૨. મારા ઉપર થી

## કર્તા શ્રી મેઘવિજયજી મ.

### (સંજય રંગ લાગ્યો - એ દેશી)

**વાસુપૂજ્ય** જિન વંદીએ, ભાવ ધરી ભગવંત રે - જિનપતિ જશધારી।
દીઠો દેવ દયાળ તે, નયણાં [૧]હેજે હસંત રે-જિન ૦.।।૧।।

હરિ-હર [૨]જેણે વશ કર્યા, ઇન્દ્રાદિક જસ દાસ રે- જિન ૦।
તે મન્મથનો મદ હર્યો, તેં પ્રભુ ! કીધો ઉદાસ રે-જિન ૦ ।।૨।।

[૩]મયણ [૪]મયણ-પરે ગાળીયો, [૫]ધ્યાન-અનળ-બળ દેખ રે-જિન ૦
કામિન-કોમળ-વયણ શું, ચૂક્યો નહિ [૬]રાઇ-રેખ રે-જિન ૦ ।।૩।।

નાણ-દરિસણ-ચરણ તણો, જે ભંડાર જયંવત રે-જિન ૦।
આપ તરી પર તારવા, તું અ-વિચળ બળવંત રે-જિન ૦.....।।૪।।

મન મેરો તુમ [૭]પાંખલી, રસીયો ફરે દિન-રાત રે, - જિન ૦।
[૮]સરસ-**મેઘ**ને [૯]વરસવે રે, નાચે મોર વિખ્યાત રે- જિન ૦........।।૫।।

---

૧. ઉમંગથી ૨. જેણે-મન્મથ=કામદેવે ૩. કામદેવ ૪. મીણની જેમ ૫. ધ્યાનરૂપઅગ્નિનું બળ ૬. રાઇ જેટલી પણ રેખા = મર્યાદા ૭. આસપાસ ૮. સારા ૯. વરસવાથી

## કર્તા શ્રી કેસરવિમલજી મ.

(આચારજ ત્રીજે પદે-એ દેશી)

**વાસુપૂજ્ય**-નૃપ-કુલ-ચંદલો, શ્રી **વાસુપૂજ્ય**-જિનરાય રે ।
રાણી-**જયા**-ઉર-હંસલો, મહિષ-લંછન જસ પાય રે -
શ્રી **વાસુપૂજ્ય**-જિન ! વિનતી, સુણ ત્રિભુવન-જયકારી રે ।
મનહ મનોરથ પૂરવો, અંતર દૂર નિવારી રે - શ્રી વાસુ૦ ॥૨॥

મહિયલ તું મહિમા-નીલો, નહિ કોઈ તાહરી જોડી રે ।
જિમ સૂરજ સમ કો નહિં ! તારા-ગણની કોડી રે - શ્રી વાસુ૦ ॥૩॥

જે તુમ જાણપણું અછે, બીજામાં નહિ તેહોરે ।
તિમિર નવિ તારા હરે, ચંદ હરે છે જેહો રે-શ્રી વાસુ૦ ॥૪॥

મોહ્યો મુજ મન-હંસલો, તુજ ગુણ-ગંગ-તરંગે રે ।
[1]અવર-સુરા-છિલ્લર-જલે, તે કિમ રાચે ? રંગે રે - શ્રી વાસુ૦ ॥૫॥

ભાવ-ભગતે પ્રભુ ! વિનવું સુણ સ્વામી ! અરદાસ રે ।
**કેશર-વિમલ** કહે સાહિબા ! પૂરો મુજ મન આશ રે-શ્રી વાસુ૦ ॥૬॥

૧. બીજા દેવરૂપ ખાબોચીયાના પાણીમાં, (પાંચમી ગાથાની ત્રીજી લીટીનો અર્થ)

## કર્તા શ્રી કનકવિજયજી મ.

### (યોગીસર ચેલ-એદેશી)

**વાસુપૂજ્ય** - જિનરાજજી રે,
સેવક તુમ્હ દરબાર રે -વાલ્હેસર જિનજી ।
લાખ ગમે સેવા કરંઈ હો ! લાલ !
ઠકુરાઈ તાહરી ઘણી રે કહંતા ન લહું પાર રે - વાલ્હેસર !
[1]હસિત વદન શોભા ધરઈ હો લાલ,
તું [2]મહીમાં મહિમા નીલો રે, સોભાગી-સિરદાર-રે, વાલ્હેસર !
દેવ સહુમાંહઇ દીપતો હો ! લાલ !
મનમોહન તું સાહિબો રે; તું વંછિત-દાતાર રે વાલ્હેસર !
તેજઇં ત્રિભુવન જીપતો-હો લાલ૦....॥૧॥
તુમ્હ સુર-નર-અસુર પૂજા કરંઈ રે,
ખિણ નવિ છાંડઈ પાસ રે-વાલ્હેસર !,
અણહુંતઈ કોડિ ગમે હો લાલ, **તુમ્હ** આણા સહુ અણુસરઈ રે -
ધરતા બહુ પરિ આશ રે-વાલ્હેસર ।
લળી લળી તુઝ પાયે નમઇ હો લાલ -
તુઝ પ્રતાપ [3]રવિ પરિતપઈ રે, -
તઈં મોહ્યા મુનિ મહંત રે-વાલ્હેસર,
તુમ્હ ગુણ-પાર ન કો લહઈ હો લાલ,
તુમ્હ જશ જગમાં ગાજીઓ રે - અલવેસર અરિહંત રે, - વાલ્હેસર ।
તુમ્હ ચરણે ચિત્ત લાગું રહઈ-હો લાલ....॥૨॥

જિમ હું ચાહું તુમ્હનઇં પ્રભુ રે, તિમ તું નવિ ચાહઇ મુઝ રે-વાલ્હેસર।
તું સહુનઇ સરિખા ગણઇ હો લાલ, અંતરગત તુમ્હ વાતડી રે –
કિમ કરિ જાંણઇ [૪]અ-બુઝ રે ? - વાલ્હેસર !,
જે કંચન-કાંકર સમ ગિણઇ હો લાલ,
વિનતડી અવધારિઈ રે. ઠારીઇ તન-મન પ્રાણ રે-વાલ્હેસર।
બલિહારી તુમ્હ કીજીઇ હો ! લાલ.
સેવક કાજ સુધારિઇ રે, તુમ્હે છો ચતુર-સુજાણ રે-વાલ્હેસર।
દિલ ખોલી દરસણ દીજીઇ-હો લાલ....।।૩।।
[૫]નેહ-નિજરિ કરી નિરખિઈ રે, પરખિઇ ખિજમતિ ખાસ રે–વાલ્હેસર।
દેઇ દરિસણ દિલઠારી રહો-લાલ, સેવક જાણી આપણો રે –
રાખીઈ નિજ પય પાસિ રે-વાલ્હેસર ।
અંતર દૂર નિવારિઇ હો લાલ !
છાંડી અવરની ચાકરી રે, માંડી તુમ્હશ્યું પ્રીતિ રે – વાલ્હેસર,
રંગ મજીઠ તણી પરઇં હો લાલ !
લાગો રંગ ન[૬] પાલટઇ રે, જીવ જિહાં લગિ દેહ રે, વાલ્હેસર।
હું વારી જાઉં તુમ્હ ઉપરઇ હો ! લાલ !...।।૪।।
ગુણ-નિધિ ! તુમ્હ ગુણ સાંભરઈ રે; પલ-પલમાં સો વાર રે-વાલ્હેસર।
તુમ્હ દીઠઇ દિલ ઉલ્લસઇ હો ! લાલ ।,
તુમ્હ વાણી સરસ સુધા સમી રે,
સુખદાયક નિરધાર રે - વાલ્હેસર ।
ચિત્તથી નવિ દૂરઇ વસઈ હો ! લાલ !,
તું તન ધન મન માહરો રે, તું આતમ આધાર રે-વાલ્હેસર।

[7]મહિર કરીનઇ નિવાજીઇ હો ! લાલ ।,
**કનકવિજય** પ્રભુ તાહરો રે, જપિઇ જાપ ઉદાર રે - વાલ્હેસર ।
પરમાનંદ પદ દીજીઇ હો લાલ !....॥૫॥

---

૧. પ્રસન્ન ૨. પૃથ્વીમાં ૩. સૂર્યની જેમ ૪. અજ્ઞાની ૫. રાગવાળી નજરથી ૬. દૂર થાય નહિ ૭. મહેરબાની-કૃપા

## કર્તા શ્રી રૂચિરવિમલજી મ.

### (લોચન લટકડલે એ દેશી)

આજ અમીએ મેહ વુઠોજી-મુઝ ઘર આંગણડે,
પ્રભુ રાણી **જયા** સુત દીઠોજી-પ્રભુ મુખ ભામણડે,
સમરથ સાહિબ તુઠોજી-પ્રભુ ૦ મુજ લોચન અમીય પઇઠોજી-પ્રભુ૦॥૧॥

કોમળ વયણ ઉચ્ચારીજી- પ્રભુ ૦ તે મોહ્યાં સુર-નર-નારીજી-પ્રભુ૦।
શ્યો અવગુણ ચિત્ત ધારીજી-પ્રભુ ૦ મેલો કાંય વિસારી ! - પ્રભુ૦॥૨॥

નેહ-નયણસું પેખોજી-પ્રભુ ૦ અવગુણ વિણ કાંય ઉવેખોજી ! પ્રભુ૦।
સેવક સાહિબ લેખોજી-પ્રભુ ૦ કીજયેં પ્રેમ-પરેખોજી-પ્રભુ૦॥૩॥

પ્રીત પરમ રસ દરીયોજી-પ્રભુ૦ નિજ ચરણ-કરણ અનુસરીયોજી -પ્રભુ૦।
તું સાહિબ ચિત ધરીયોજી - પ્રભુ૦બહુ સુખ સંપત્તિ શું વરીયોજી -પ્રભુ૦॥૪॥

ચંદ ચકોર જયો ચંગીજી-પ્રભુ૦ મુઝ લાગી પ્રીત સુરંગીજી - પ્રભુ૦।
પાવન ગંગ તરંગીજી-પ્રભુ૦ કહે **રૂચિર** પ્રભુશું ઉમંગીજી-પ્રભુ૦॥૫॥

## કર્તા શ્રી ભાવપ્રભુસૂરિ મ.

### (ચતુર સ્નેહી મોહનાં - એ દેશી)

**વાસુપૂજ્ય** મુઝ તારીઇ, [૧]ઘઇ [૨]હીયાવ તું મુઝનઇ રે ।
બલ દઈ બાંહિ પસારીને, તારક કહે સહૂ તુઝનઈ રે - વાસુ ૦...... ॥૧॥

[૩]ભવ-દરીઉ દુઃખ-ગાજતો, ચો-ગતિ ચ્યાર જ્યાં આરા રે ।
[૪]ફૂટરો લાગઇ ફરસતાં, જેહના અનુભવ ખારા રે - વાસુ ૦.....॥૨॥

આશા [૫]વેલ જિહાં ઉછલે, જન્મ-મરણ જલ ઉંડાં રે ।
કામ-કષાય-મદ માછલાં, ભક્ષણ કરઇ જિહાં ભૂંડા રે-વાસુ ૦.....॥૩॥

તારુ જે અભિમાનથી, એ માંહૈ પડઈ ઉડી રે ।
પામઇ ડુબકી નીકલા, બાપડા રહૈ તે બૂડી રે-વાસુ ૦...॥૪॥

તારણ-તરણતણી કલા, તે એક તું [૬]અવધારઇ રે ।
**ભાવપ્રભ** કહે તું જયો, [૭]તટઇ બઇઠો જે [૮]તારઇ રે-વાસુ ૦....॥૫॥

---

૧. આપો ૨. હૃદયનો પ્રેમ ૩. સંસારરૂપ દરીયો ૪. સુંદર ૫. ભરતી ૬. જાણે છે ૭. કિનારે ૮. તારે છે

## કર્તા શ્રી કીર્તિવિમલજી મ.

(અષ્ટ કરમ ચૂરણ કરી રે લાલ - એ દેશી)

**વાસુપૂજ્ય**-જિન વંદિઇં રે-લાલ, વાસવ સારઇં સેવ-મેરે પ્યારે રે ।
વંછિત દૌઇં નિત્યમેવ-મેરે પ્યારે રે - વાસુ ૦ ॥૧॥

**વાસુપૂજ્ય**-કુલ-ચૂડામણિ રે - લાલ, જયા-માતનો નંદ-મેરે પ્યારે રે ।
તું દાની-સિર-સેહરો રે-લાલ,
તુઝ નામિ નિત્ય આણંદ-મેરે પ્યારે રે-વાસુ ૦..॥૨॥

તુઝ ધ્યાને-સુખ-સંપદા રે-લાલ, સેવે સુર-નર પાય-મેરે પ્યારે રે ।
રોગ-સોગ ઉપદ્રવા રે-લાલ,
દૂરિં સર્વ પલાય-મેરે પ્યારે રે-વાસુ ૦...॥૩॥

**ચંપા** નયરી અતિ ભલી રે-લાલ,
જિહાં ઉપના જિનરાય-મેરે પ્યારે રે ।
ઓચ્છવ રંગ વધામણાં રે-લાલ,
ઘરિ ઘરિ મંગલ ગાય-મેરે પ્યારે રે-વાસુ૦...॥૪॥

બારમા જિનવર ! સાંભળો રે લાલ, સેવકની અરદાસ-મેરે પ્યારે રે ।
**ઋદ્ધિ-કીરતી** અનંતી દીજીઇં રે-લાલ,
પૂરો એ મુઝ આસ-મેરે પ્યારે રે-વાસુ૦...॥૫॥

## કર્તા શ્રી રતનવિજયજી મ.

### (એ તીરથ તારૂ-એ દેશી)

**વાસુપૂજ્ય-જિન અંતરજામી**, હું પ્રણમું શિરનામી રે-મારા અંતરજામી !
ત્રિ-કરણ-જોગે ધ્યાન તુમારૂં, કરતાં ભવ-ભય વારૂ રે-મારા ૦...॥૧॥

ચોત્રીશ અતિશય શોભાકારી, તુમચી જાઉ બલિહારી રે-મારા ૦।
ધ્યાન-વિન્નાણે શક્તિ-પ્રમાણે, સુરપતિ ગુણ વખાણે રે-મોરા ૦...॥૨॥

દેશના દેતાં તખત બિરાજે, જલધરની પેરે ગાજે રે-મારા ૦।
વાણી સુધા-રસ-ગુણ-મણિ-ખાણી, ભાવ ધરી સુણે પ્રાણી રે-મારા ૦...॥૩॥

દુવિધ ધરમ દયાનિધિ ભાખે, હેતુ જુગતે પ્રકાશે રે-મારા ૦।
ભેદ-રહિત પ્રભુ નિરખો મુજને, તો શોભા છે તુજને રે-મારા ૦...॥૪॥

મુદ્રા સુંદર દીપે તાહરી, મોહ્યા અમર નર-નારી રે-મારા ૦।
સાહેબ સમતા-રસનો દરીયો, માર્દવ-ગુણથી ભરીયો રે-મારા ૦...॥૫॥

સહજાનંદી સાહિબ સાચો, જેમ હોયે હીરો જાચો રે-મારા ૦।
પરમાતમ પ્રભુ-ધ્યાને ધ્યાવો, અક્ષય-લીલા પાવો રે-મારા ૦...॥૬॥

રક્ત-વર્ણ દીપે-તનુ-કાન્તિ, જોતાં ટળે ભવ-ભ્રાંતિ-રે-મારા ૦।
**ઉત્તમવિજય**-વિબુધનો શીશ, **રતનવિજય** સુ-જગીશ રે-મારા ૦.....॥૭॥

## કર્તા : શ્રી માણેકમુનિ મ.

(ઢાલ-સોના લોટા જલ ભર્યા ગુણ માહરા રે-એ દેશી)

વાસુપૂજ્ય જિન બારમા-પ્રભુ માહરા રે,
હો સાહિબ ! ચિત્ત અવધાર-બહુ ગુણ તાહરા રો
સહસ પુરુષ જો [1]હરિ સ્તવે-પ્રભુ૦
તો હઈ તુમ ગુણ અ-સંખ અ-પાર-બહુ૦...॥૧॥
જિમ [2]રયણાયર-રયણનો - પ્રભુ૦,
કોણ ગણિં કરઈ [3]અવધાર-બહુ૦।
તો મૂરખ મતિહીણ હું-પ્રભુ૦,
તુમ ગુણનો પામું કિમ ! પાર ? બહુ૦...॥૨॥
**ધન્ય ચંપા** નગરી જિહાં-પ્રભુ૦,
તુમ પંચ કલ્યાણક સાર-બહુ૦।
ધન **વાસુપૂજ્ય** [4]વસુધા-ધણી-પ્રભુ૦,
જસ ઘર તુમ અવતાર-બહુ૦....॥૩॥
ધન ધન માતા **જયા** સતી-પ્રભુ૦,
જેણઈ જાયો જગ આધાર - બહુ૦।
તેહી જ ધન **પદમાવતી** સુંદરી - પ્રભુ૦,
જેહનો તું ભરતાર-બહુ૦...॥૪॥
તુમ દરિશણ જેણિ દેખીઉ - પ્રભુ૦,
અહો ધન ધન તે નરનારી-બહુ૦।
સેવક **માણિક** નિત નમઈ-પ્રભુ૦, તુમ ચરણ-કમલ સુખકાર-બહુ૦....॥૫॥

૧. ઇંદ્ર ૨. સમુદ્રના રત્નનો ૩. ચોક્કસ નિર્ણય ૪. રાજા

## કર્તા શ્રી દીપવિજયજી મ.

(શીતલ જિન સહજાનંદી-એ દેશી)

વાસુપૂજ્ય ચિદાનંદકારી, ક્ષાયિક ભાવ સુવિચારી ।
આતમ નિજ ઋદ્ધિ સમારી, પ્રભુ - અ-લખ રૂપ અવતારી,
સનેહી મિત ! જગત-ઉપગારી,
પ્રભુ ! મિથ્યા - મોહ નિવારી - સનેહી૦....॥૧॥

ઇંદ્રદત્ત જિતેંદ્રિયવંત, પ્રાણતે સુર ઉપજંત ।
દોગંદુક-સુખ વિલસંત, [૧]અ-વિનાશીની ભક્તિ કરંત-સનેહી૦.....॥૨॥

શિવરાહ વિચેં શુભ ઠામ, ચંપામાં કર્યો વિશ્રામ ।
કુંભ-શતભિષા અભિરામ, અશ્વ જોનિયે જનમ્યા સ્વામ-સનેહી૦.....॥૩॥

ગણ રાક્ષસ સંજમ પ્યારી, વરી શિવ-રામા-અધિકારી ।
મૌન એક વરસનું ધારી, ઘાતી અ-શુભ કરમને વિદારી-સનેહી૦.....॥૪॥

વર પાડલે કેવલ પામી, ષટસય પંચમ-ગતિગામી ।
સુખ વિલસેં અનંત-ગુણ-ધામી,
શિવ-ગેંહેં **દીપેં** વિસરામી - સનેહી૦...॥૫॥

---

૧. ભગવાનની

વાસુપૂજ્ય પ્રાણત [1]કલ્પ (૧) [2]પ્રસૂ જયા (૨),
વાસુપૂજ્ય નરવર (૩) અરુણ વરણ [3] તયા (૪) ।
સયભિષ રિખ્ખહ (૫) સિરિ ચંપાપુરી જનમ (૬),
કેવલ પણિ (૭) સંજમ સિરિવરી ઉપવાસ ઈકઈ (૯) ।
સુનંદ ઘરિ પારણ કરઈ (૧૦) ચેઈઅ પાડલ (૧૧),
છાસઠા ગણહર (૧૨) ધણુહ સત્તરિ તણુ ધરઈ (૧૩) ।
આઉઅ દુસત્તારિ લખ્ખ વરસહં (૧૪),
સહસ બહતરિ સાહૃય (૧૫) ઈગ લાખ સાહૂણી,
દોષ ટાલઈ (૧૬) આણધરઈ જિનનાહ ય ॥૩૭॥
શ્રી સેંયસહ - વાસુપૂજ્જ આંતરઉ,
ચઉપન સાગર [4]મત કોઈ [5]પાંતરઉ (૧૭)
લંછન મહિષહ (૧૮) ભવિઅણ મનિ ગમઈ,
પવરા દેવી (૧૯) પ્રભુનઈ નિત નમંઈ
નિત નમઈ જેહનઈ ચિત્ત ભાવઈ દેવ સુર કુમાર ય (૨૦)
દુગ લખ્ખ સાવય સહસ પનરઈ (૨૧)
રાસિ કુંભ વિચાર ય (૨૨)
સાવિઆ સહસ છતીસ ચઉ લખ (૨૩) ચંપાપુરી સિવ સંગ ય (૨૪)
જિણ રાજના ગુણગણ પભણઈ **ધરમ કીરતિ** રંગ ॥૩૮॥

---

૧. દેવલોક ૨. માતા ૩. ચામડી ૪. નહી ૫. અવિશ્વાસ કરો

## કર્તા શ્રી સ્વરૂપચંદજી મ.

**(ધોબીરી બેટી તિષાહેનેં નારોં પાણી લાગણો, મારુડોરે હાં રે લોભાય-એ દેશી)**

જિણંદરાયા સુગુણ સુખાકર સુંદરુ, કેવલ જ્ઞાન ભંડાર-જિણંદ૦
મોહ-અંધાર નિવારવા, સમરથ તું દિનકર હો-જિણંદ૦
**વાસુપૂજ્ય** મુઝ વાલહો, દઢ-મન રહ્યો રે લોભાય...॥૧॥

ધર્મ-ધુરંધર ધર્મ તું ભરત ક્ષેત્ર-મઝાર જિણંદ૦
બોધિ બીજ વાવેં વચનશું, ભવિ-મન-ક્યારા ઉદાર-જિણંદ૦...॥૨॥

સુમતિ-સહસ સહુ સમકિતી, પાલે નિજ વ્રત સાર-જિણંદ૦
સંવર-વાડી ભલી કરે, રહે અપમત આચાર-જિણંદ૦...॥૩॥

આશ્રવ-શ્વાપદ વારતાં, ધારતા જિનવર આણ-જિણંદ૦
શીલ-સુધારસ સિંચતાં, લહે ચેતન ગુણ-ખાણ-જિણંદ૦...॥૪॥

## કર્તા શ્રી જશવિજયજી મ.

(જગજીવન જગ વાલહો - એ દેશી)

**વાસુપૂજ્ય** ! જિન ! વાલહા ! અરજ સુણો મુજ એક-લાલ રે !
અવર દેવ ઇચ્છું નહિ, એ મુજ મોટી ટેક-લાલ રે-વાસુ ૦....॥૧॥

હરિ-હરાદિક [૧]દીઠડે, ગુણનું કારણ જોય-લાલ રે ।
[૨]પરતક્ષ દેખી [૩]પટંતરો, પ્રભુ-ગુણ-[૪]પરતીત હોય-લાલ રે-વાસુ ૦....॥૨॥

શૂલ-[૫]ચાપ-ચક્ર નવિ ધરે, નવિ ધરે ગદા-શંખ [૬]પાણિ-લાલ રે ।
દોષ અઢાર-વરજિત સહી, તેહની શિર આણ-લાલ રે - વાસુ ૦....॥૩॥

અંતરંગ રિપુ હણે, તોય સમતાવંત કહેવાય - લાલ રે ।
ક્રોધ વિના હણવું કિશ્યું ? એ અચરિજ મુજ થાય-લાલ રે-વાસુ ૦....॥૪॥

એહ ભેદ સાચો સાહી, શીતલતા ગુણ હોય-લાલ રે ।
વિણ વન્હિયે વન દહે, શીત-કાલે [૭]હિમ સોય-લાલ રે-વાસુ ૦...॥૫॥

વિણ-ભણ્યે વિદ્યા ઘણી, [૮]અનલંકાર ઓપે દેહ-લાલ રે ।
[૯]દ્રવ્ય-રહિત પરમેસરૂ, ઉપમા નાવે કેહ-લાલ રે-વાસુ ૦..॥૬॥

પ્રભુ-ગુણ-પાર ન પામીએ, સહસ-મુખે કહે કોય-લાલ રે ।
**શ્રી ગુરૂ-ખિમાવિજય** પય, પ્રણમ્યે જગ **જશ** હોય-લાલ રે-વાસુ ૦...॥૭॥

---

૧. જોયાથી ૨. સાક્ષાત ૩. આંતરૂં ૪. ખાત્રી ૫. ધનુષ્ય ૬. હાથમેં ૭. ઠાર ૮. વગર ઘરેણાએ ૯. પૈસા વગર

## કર્તા શ્રી ગુણવિલાસજી મ.

(રાગ-સોરઠ તથા સામેરી)

પ્રભુજી ! તેરી પરતીત ન જાની ।
[1]મીનતિ વીનતિ કરી થાક્યો, તુમ મનમેં કુછ [2]ના'ની-પ્રભુજી ૦ ॥૧॥

ઔર અનેક વિવેક-રહિત જે, [3]માંસભખી [4]મદપાની ।
બિનુ વિચાર સંસાર-ઉદધિતે, પાર ઉતારે પ્રાની-પ્રભુજી ૦ ॥૨॥

મેરી બેર કહા ભએ સાહિબ, આજ-કાલકે દાની ।
તારક બિરૂદ ધરાઈ જગતમેં, કૌન [5]સયનપ ઠાની-પ્રભુજી ૦ ॥૩॥

અબ તો તારોહી બની આવે, ઔર વાત સબ [6]કાની ।
**ગુણવિલાસ શ્રી વાસુપૂજયજી,** ઘો શિવપુર-રજધાની-પ્રભુજી ૦ ॥૪॥

---

૧. આજીજી ૨. ન આણી ૩. માંસાહારી ૪. મદિરા પીનારા ૫. શાણપ-હોશિંયારી ૬. નકામી

## કર્તા શ્રી જગજીવનજી મ.

(ઢાલ કડખાની)

**વાસુપૂજ્ય** જિનવરા જગતજન-ભયહરૂ,
ગુણ અ-વ્યાબાધ કરી પ્રભુજી ગાજે ।
અતિશય ચોત્રીશ કરી વાણી પાંત્રીસ ગુણ,
આઠ પ્રતિહારજશું વરસ રાજે - વાસુ૦...॥૧॥
આશ કરી આવીયા જે સમીપ તુઝ તણે,
દુરિત દરિદ્ર તસ દૂરિ કીધો ।
મેટીઓ અનાદિનો દૂરિ મિથ્યાતનેં,
સમ્યક્ રયણ તેણે દીધો - વાસુ૦....॥૨॥
તેહ જાણી કરી સ્તવન રચના રચી,
મનશુધ ભાવના એહ તેરી ।
**જગજીવન** પ્રભુ-નામ જપતાં થકાં,
સયલ સંપત્તિ મિલે અલખ કેરી-વાસુ૦....॥૩॥

## કર્તા શ્રી જિનહર્ષજી મ.

(રાગ-મલ્હાર)

હો ! જિનવરજી ! અબ મેરે બની આઈ ।
ઓર સકલ સુરકી સેવા તજી, એકશું લય લાઇ-હો૦...॥૧॥

**વાસુપૂજ્ય**-જિનવર વિણુ ચિત્ત મેં, ધારૂં ઓર ન કાંઈ ।
પરમ-પ્રમોદ ભયો અબ મેરે, જો તુમ સેવા પાઇ - હો૦.....॥૨॥

ત્રિભુવન-નાથ ધર્યો શિર ઉપર, જાકી બહુત વડાઈ ।
કહે **જિનહર્ષ** અવર ન માંગું, દ્યો ભવપાશ છુરાઈ, - હો૦.....॥૩॥

## કર્તા શ્રી વિનયવિજયજી મ.

શ્રી **વાસુપૂજ્ય**-નરેશરુરે-નંદ **જયા** જસ માય ।
શ્રી વાસુપૂજ્યને પૂજતાં રે,મંદિર રિદ્ધિ ભરાય
-ભવિક જન ! પૂજો એ જિનરાય ।
**-જિમ ભવજલધિ** તરાય-ભવિ ૦ -મુગતિનો એહ ઉપાય-ભવિ૦॥૧॥

સોહે સોવન સિંહાસને રે, કુંકુમવરણી કાય ।
જિમ કંચનગિરિ ઉપરે રે નૂતન ભાણ સુહાય -ભવિ૦॥૨॥
લંછન [1]મિસિ વિનતી કરે રે. [2] મહિષી-સુત જસ પાય ।
લોકે હું સંતાપીઓ રે છુટું તુમ્હ પસાય-ભવિ૦॥૩॥
મન રંજે એ રાતડો રે, એ તો જુગતો ન્યાય ।
પણ જે ઉજ્જવલ મન કરે રે, તે તો અચરિજ થાય-ભવિ૦॥૪॥
બાર ઉઘાડે મુગતિનાં રે, બારસમો જિનરાય ।
**કીર્તિવિજય** ઉવજ્ઝાયનો રે, **વિનયવિજય** ગુણ ગાય-ભવિક-જન૦॥૫॥

---

૧. બહાને ૨. પાડો


# શ્રી વાસુપૂજ્ય સ્વામી ની થોય

## શ્રી વીરવિજયજી કૃત થોય

વિમલ ગુણ અગારં, વાસુપૂજય સફારં ॥
નિહત વિષય વિકારં, પ્રાપ્ત કૈવલ્ય સારં ॥
વચન રસ ઉદારં, મુક્તિ તત્ત્વ વિચારં ॥
વીર વિઘન નિવારં, સ્તૌમિ ચંડી કુમારં........॥૧॥

## શ્રી પદ્મવિજયજી કૃત થોય

વિશ્વના ઉપગારી; ધર્મના આદિકારી ॥
ધર્મના દાતારી, કામ ક્રોધાદિ વારી ॥
તાર્યા નર નારી, દુઃખ દોહગ હારી ॥
વાસુપૂજય નિહારી, જાઉં હું નિત્ય વારી.......॥૧॥



# અમૃત કણ

- જિન ભક્તિએ જે ન સીધ્યું, તે બીજા કશાથી ન સીઝે.
- અરિહંત મળ્યા પછી અરિહંતની કદર કેટલી એમની પાછળ ઘેલા થઈ જઈએ ખરા ?
- "નિગોદમાંથી અહીં સુધી ઉંચે આવ્યા એ અરિહંતની કૃપાથી" આ ભાવથી ભગવંત પરનો કૃતજ્ઞત્તા ભાવ જીવંત રાખો.
- જૈનધર્મનું ભવાંતરમાં રિઝર્વેશન કરાવવું હોય તો અરિહંતની પાછળ પાગલ બની જાવ.
- પરમાત્માની વંદનામાં એકાકારતા એ મહાયોગ છે.

**ન્યાયવિશારદ, વર્ધમાન તપોનિધિ પૂજયપાદ આચાર્ય**
**શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**

# શ્રી વાસુપુજય સ્વામીની જીવન ઝલક

| | | | |
|---|---|---|---|
| પિતાનું નામ | : વસુપુજય રાજા | માતાનું નામ | : જયામાતા |
| જન્મ સ્થળ | : ચંપાપુરી | જન્મ નક્ષત્ર | : શતભિષા |
| જન્મ રાશી | : કુંભ | આયુનું પ્રમાણ | : ૭૨ લાખ વર્ષ |
| શરીરનું માપ | : ૭૦ ધનુષ | શરીરનું વર્ણ | : લાલવર્ણ (રક્ત) |
| પાણિ ગ્રહણ | : વિવાહીત | કેટલા સાથે દીક્ષા | : ૬૦૦ સાધુ |
| છદમસ્થ કાળ | : એક માસ | દીક્ષા વૃક્ષ | : પાડલ વૃક્ષ |
| ગણધર સંખ્યા | : ૬૬ | જ્ઞાન નગરી | : ચંપાપુરી |
| સાધુઓની સંખ્યા | : ૭૨૦૦૦ | સાધ્વીઓની સંખ્યા | : ૧૦૦૦૦૦ |
| શ્રાવકની સંખ્યા | : કુંભ | આયુનું પ્રમાણ | : ૪૩૬૦૦૦ |
| અધિષ્ઠાયક યક્ષ | ૭૦ ધનુષ | શરીરનું વર્ણ ી | : ચંડા દેવી |
| પ્રથમ ગણધરનું નામ | વિવાહીત | કેટલા સાથે દીક્ષા | : ધરણી |
| મોક્ષ આસન | : એક માસ | દીક્ષા વૃક્ષ | : ત્રણ ભવ |
| ચ્યવન કલ્યાણક | : જેઠ સુદિ ૯ | જન્મ કલ્યાણક | : મહા વદિ ૧૪ |
| દીક્ષા કલ્યાણક | : મહા વદિ ૩૦ | કેવલજ્ઞાન કલ્યાણક | : મહા સુદિ ૨ |
| મોક્ષ કલ્યાણક | : અષાઢ સુદિ ૧૪ | મોક્ષ સ્થાન | : ચંપાપુરી |

મુદ્રક : રોનક ઓફસેટ - અમદાવાદ. ફોન : ૦૭૯-૬૬૦૩૯૦૩